અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ ડિસેમ્બર ૨૦૨૩, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ અગિયારસ

વર્ષ : ૧૫
અંક : ૧૪૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### ૧૩૦ બંધકોને મુક્ત કરવા યુદ્ધના અંતની હમાસની શરત

। વોશિંગ્ટન, તા.૨૨ ।

યુદ્ધ વિરામ માટે ચાલી રહેલી મંત્રણા વચ્ચે ગાઝા પટ્ટીમાં ઈઝરાયલી સૈન્ય અને હમાસ વચ્ચે ભીષણ યુદ્ધ હજુ યથાવત્ છે. ગુરુવારે પણ ઈઝરાયલી વિમાનોએ ગાઝા પટ્ટીના અનેક વિસ્તારોમાં ભીષણ બોમ્બમારો કર્યો હતો. જેમાં ડઝનેક લોકોના મોતના અહેવાલ મળી રહ્યા છે. હમાસે પણ તેલ અવીવ અને ઈઝરાયલી શહેરોમાં ૩૦ રોકેટ ઝિંકી તેની ક્ષમતાનો પરિચય આપ્યો હતો. અમેરિકાએ આ મામલે કહ્યું કે ગાઝામાં યુદ્ધવિરામની મંત્રણા ગંભીર તબક્કામાં પહોંચી ગઈ છે. હમાસે આશરે ૧૩૦ બંધકોને મુક્ત કરવા માટે ગાઝા વિરુદ્ધ ઈઝરાયલના યુદ્ધનો સંપૂર્ણપણે અંત લાવવાની શરત રજૂ કરી છે.

### ૧ ડિસેમ્બરે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો થયો હતો

# કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૩૯ રૂપિયા ૫૦ પૈસા સુધીનો ઘટાડો

### કોલકાતાની વાત કરીએ તો, ૧૯ કિલોનો સિલિન્ડર હવે ૧૮૬૮.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

૧ જાન્યુઆરી પહેલા જ દેશમાં કોમર્શિયલ LPG ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરાયો છે. ૨૨ ડિસેમ્બરના કોમર્શિયલ વપરાશના ગેસ સિલિન્ડરના ભાવમાં ૩૯ રૂપિયા ૫૦ પૈસા સુધીનો ઘટાડો કરાયો છે. આ ઘટાડો ફક્ત ૧૯ કિલોવાળા કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં કરાયો છે. ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી તેને યથાવત્ રખાયા છે. એક ડિસેમ્બરે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કરાયો હતો. અગાઉ ૧૬ નવેમ્બરે કડવાચૌથના દિવસે ૧૯ કિલોવાળા સિલિન્ડરમાં ૧૦૦ રૂપિયાથી વધુનો વધારો ઝિંકાયો હતો. જોકે ઘરેલુ વપરાશના એલપીજી સિલિન્ડરના ભાવમાં હજુ સુધી કોઈ ઘટાડાના અહેવાલ નથી. ૨૨મી ડિસેમ્બરથી એટલે કે આજથી દિલ્હીમાં ગ્રાહકોને ૧૭૫૭ રૂપિયામાં ઈન્ડેન કોમર્શિયલ સિલિન્ડર ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે.

### રાજધાની દિલ્હીમાં તે ૯૦૩ રૂપિયા પ્રતિ સિલિન્ડર છે



આજથી ચેન્નાઈમાં ઁર સિલિન્ડર ૩૯.૫૦ રૂપિયા સસ્તું મળી રહ્યું છે અને ૧૯૨૯ રૂપિયામાં વેચાઈ રહ્યું છે. નોંધનીય છે કે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં આ મહિનાની શરૂઆતમાં એટલે કે ૧લી ડિસેમ્બરે વધારો કરવામાં આવ્યો હતો. આ પહેલા ૧૬ નવેમ્બરના રોજ ૧૯ કિલોનો એલપીજી સિલિન્ડર ૧૦૦ રૂપિયાથી વધુ મોંઘો થયો હતો. નોંધનીય છે કે ૩૦ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ પર આપવામાં આવેલા અપડેટ મુજબ આજે પણ ગ્રાહકોને ૩૦ ઓગસ્ટના દરે ૧૪.૨ કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડર આપવામાં આવી રહ્યા છે. રાજધાની દિલ્હીમાં તે ૯૦૩ રૂપિયા પ્રતિ સિલિન્ડર છે, જ્યારે કોલકાતામાં ગ્રાહકોને તે ૯૨૯ રૂપિયામાં મળી રહ્યા છે. બિઝનેસ સિટી મુંબઈમાં લોકોને ૧૪.૨ કિલોનું ઘરેલું એલપીજી સિલિન્ડર ૯૦૨.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ છે.



કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ હરિયાણાના કુરુક્ષેત્ર ખાતે શ્રી દેવીકૃપા ભદ્રકાળી શક્તિપીઠ મંદિરમાં પ્રાર્થના કરવા પહોંચ્યા હતાં.





### વિશ્વ આરોગ્ય સંસ્થાના પૂર્વ પ્રમુખ વિજ્ઞાનીની કોરોના અંગે ચેતવણી

# કોરોનાનો નવો વેરિયન્ટ ચિંતાજનક નથી : ડો. સૌમ્યા સ્વામીનાથન

। નવી દિલ્હી, તા.૨૨ ।

દેશમાં એકવાર ફરી કોરોના વધતો જઈ રહ્યો છે. કોરોનાનો નવો સબ વેરિયન્ટ જેએન-૧ ચિંતાનો વિષય બનેલો છે. આ દરમિયાન વિશ્વ આરોગ્ય સંસ્થાના પૂર્વ પ્રમુખ વિજ્ઞાની ડો. સૌમ્યા સ્વામીનાથને કહ્યુ કે હાલ કોરોનાથી ગભરાવાની જરૂર નથી. આ જોખમી નથી. આ ચિંતાનો વિષય નથી. જોકે, સ્વામીનાથનનું કહેવુ છે કે સાવધાની રાખવી જરૂરી છે. લોકોએ એલર્ટ રહેવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે સ્વામીનાથન ભારતીય તબીબી સંશોધન પરિષદ (આઈસીએમઆર) ના પ્રમુખ



પણ રહી ચૂક્યા છે. સ્વામીનાથને જણાવ્યુ કે આપણે સતર્ક રહેવાની જરૂર છે. આપણે ચિંતા કરવાની જરૂર નથી. અમારી પાસે સૂચન આપવા માટે હાલ કોઈ ડેટા નથી. આપણે માત્ર સામાન્ય બચાવ ઉપાયની જરૂર છે. આપણે સતર્કતા રાખવાની જરૂર છે. લોકોએ માસ્ક વિના ઓછા વેન્ટિલેશન વાળા સ્થળમાં રહેવાથી બચવુ જોઈએ. જો તમે આવા કોઈ વિસ્તારમાં છો તો માસ્ક જરૂર પહેરો. કોઈ સંક્રમિત વ્યક્તિની પાસે જવાથી બચો. ખુલ્લા સ્થળમાં રહેવાનો પ્રયત્ન કરો. જો તાવ કે શ્વાસ ફૂલવા જેવી કોઈ પણ સમસ્યા થાય તો હોસ્પિટલ જરૂર જાવ. આપણે એ ધ્યાન રાખવુ પડશે કે અત્યારે શિયાળાની સીઝન છે. આપણે સાવધાની રાખવાની જરૂર છે. ભારતમાં અત્યાર સુધી ૨૧ કેસ સામે આવ્યા છે, જેનાથી લોકોમાં ફરીથી ગભરામણ થઈ રહી છે. ડબલ્યુએચઓએ પણ જણાવ્યુ છે કે વર્તમાન પુરાવાના આધારે જેએન-૧ નું જોખમ ઓછુ છે.

આ સીઝનમાં શરદી-ખાંસી થવી સામાન્ય બાબત છે, પરંતુ કોરોનાના બદલેલા સ્વરૂપના આવ્યા બાદ તેને હળવાશમાં લઈ શકાય નહીં. જો કોઈ દર્દીને શરદી-ખાંસી લાંબા સમયથી છે તો તેને કોરોનાની તપાસ કરાવવી જોઈએ. આવા દર્દીઓમાં કોરોનાના કેસ મળી શકે છે. જોકે, અત્યાર સુધી આવેલા કેસોમાં આ વધુ ગંભીર જોવા મળ્યુ નથી, પરંતુ બચાવ માટે સતર્ક રહેવુ વધુ જરૂરી છે.




# ભાજપનું સૂત્ર દિકરીઓને રડાવો, હેરાન કરો, ઘરે બેસાડો : સુરજેવાલા

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભાજપના સાંસદ બૃજભૂષણ શરણસિંહના નજીકના સંજય સિંહે ગઈકાલે ભારતીય રેસલિંગ ફેડરેશનની ચૂંટણીમાં જીત મેળવી ડબલ્યુએફઆના અધ્યક્ષ બન્યા બાદ રેસલર સાક્ષી મલિક, વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી જેમાં સાક્ષિ મલિકે સન્યાસની જાહેરાત કરી હતી, ત્યારે આજે કોંગ્રેસે પણ આજે પ્રત્રકાર પરિષદ યોજી હતી. આ પત્રકાર પરિષદમાં કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કેન્દ્ર સરકાર પર ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે દીકરીઓને ન્યાય ન આપીને બૃજભૂષણની ધરપકડ કરવામાં આવી નહીં અને ભાજપે તમામ રમતગમત સંગઠનો પર કબજો કરી લીધો છે. તેમણે વધુમાં કહ્યું કે રેસલર



દિકરીઓના યૌન શોષણના આરોપી ભાજપ સાંસદ બૃજભૂષણ શરણસિંહના નજીકના સંજય સિંહની ચૂંટણી જીત્યા બાદ ઓલિમ્પિક મેડલ જીતનારી રેસલર સાક્ષી મલિકની નિવૃતિ એ એક કાળો અધ્યાય છે અને ખેડૂતની દિકરીની આંખમાંથી નીકળતા આંસુ મોદી સરકારની બેશરમીનો પુરાવો છે.




### પાર્ટી દાન માગે છે અને નેતાઓ ખાનગી જેટમાં ફરે છે : ભાજપ

। નવી દિલ્હી, તા.૨૨ ।

કોંગ્રેસના ક્રાઉડફંડિંગ કેમ્પેઈન વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને રાજ્ય મંત્રી ઝમીર અહેમદ ખાન પર નિશાન સાધ્યું છે. વાસ્તવમાં, તેમણે હુમલો કર્યો અને કહ્યું કે જ્યારે પાર્ટી દાન માંગે છે, ત્યારે બંને નેતાઓ ખાનગી જેટમાં ફરે છે. બીજેપી નેતા અમિત માલવિયાએ કર્ણાટક કોંગ્રેસની ટીકા કરી હતી અને કહ્યું હતું કે જ્યારે તેઓ કેન્દ્ર પાસેથી દુષ્કાળ ભંડોળ મુક્ત કરવા માટે દિલ્હી જઈ રહ્યા હતા, ત્યારે બંનેએ ખાનગી જેટમાં આરામદાયક મુસાફરી કરી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રાજ્યના મુખ્યમંત્રી સાથે કર્ણાટકના મંત્રી ઝમીર અહેમદનો વીડિયો પોસ્ટ કરી રહ્યા છે.



## ન્યુઝ બોક્ષ

### રાજકોટમાં શરદી-ઉધરસ અને તાવના લક્ષણો માટે રેપીડ ટેસ્ટ શરૂ કરાયા

। રાજકોટ, તા.૨૨ ।

રાજકોટ મનપાનાં આરોગ્ય કેન્દ્રોમાં શરદી-ઉધરસ અને તાવના ગંભીર લક્ષણો જણાય તો રેપીડ ટેસ્ટ શરૂ કરાયા છે.આરોગ્ય અધિકારીએ લોકોને સાવચેતી રાખવા માટે પણ સલાહ આપી છે.મહત્વનું છે કે ગુજરાતમાં કોરોનાનાં નવા વેરીએન્ટની એન્ટ્રી થઈ છે.રાજકોટમાં કોરોનાના નવા વેરીએન્ટને લઈને મનપા તૈયાર છે. રાજકોટ મનપાનાં આરોગ્ય કેન્દ્રોમાં શરદી-ઉધરસ અને તાવના ગંભીર લક્ષણો જણાય તો રેપીડ ટેસ્ટ શરૂ કરાયા છે. આરોગ્ય અધિકારીએ લોકોને સાવચેતી રાખવા માટે પણ સલાહ આપી છે. મહત્વનું છે કે ગુજરાતમાં કોરોનાનાં નવા વેરીએન્ટની એન્ટ્રી થઈ છે.મનપાનો આરોગ્ય વિભાગ કોઈ બેદરકારી રાખવા માગતો નથી અને મનપાના તમામ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં શરદી-ઉધરસ અને તાવના લક્ષણો દેખાય તો રેપીડ ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા છે અને જરૂર જણાય તેવા દર્દીઓના RTPCR ટેસ્ટ પણ કરવામાં આવશે. આ સાથે જ આરોગ્ય અધિકારીએ લોકોને સાવચેતી રાખવા માટે પણ સલાહ આપી છે. તો બીજી તરફ રાજકોટમાં આજે કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો છે. તો અક્ષર પર રહેતી ૫૨ વર્ષીય મહિલા કોરોના પોઝિટિવ આવ્યો હોવાનું સામે આવ્યું છે. તો મહિલાને તાવ અને શરદીના લક્ષણ હોમ આઈસોલેટ થયા છે.

### સૌરાષ્ટ્રનું પ્રથમ ચર્ચ જ્યાં મધર ટેરેસાએ પણ કરી હતી મુલાકાત

। રાજકોટ, તા.૨૨ ।

પ્રેમ, કરુણા, ત્યાગ અને સેવાનો સંદેશ આપનાર ભગવાન ઈસુની જન્મ જયંતી નિમિત્તે રાજકોટ શહેરમાં અત્યારે ઝગમગાટ જોવા મળી રહ્યો છે. નાના બાળકોથી લઈને મોટા સૌ કોઈ ક્રિસમસની તૈયારી કરી રહ્યું છે. ત્યારે આજે અમે સૌરાષ્ટ્રમાં સૌથી પહેલા બનેલા ચર્ચા વિશે જણાવીશું કે, જ્યાં એક સમયે મધર ટેરેસા પ ધાર્યા હતા. રાજકોટમાં મોટાભાગના લોકો શહેરના કાલાવડ રોડ પર આવેલા પ્રેમ-મંદિર તરીકે જાણીતા ચર્ચથી પરિચિત હશે. પરંતુ આજે અમે તમને માત્ર રાજકોટ જ નહીં પણ સૌરાષ્ટ્રનું સૌપ્રથમ ચર્ચ વિશે જણાવીશું કે, જે મોચીબજારમાં સ્થાપ્યું હતું. આ ચર્ચની સ્થાપના બ્રિટિશકાળથી થયેલી છે. વર્ષ ૧૮૫૪માં બ્રિટિશકાળમાં અહીં ચર્ચની સ્થાપના કરવામાં આવી. આ સમયે જ અહીં સૌથી પહેલી વખત પ્રાર્થના કરવામાં આવી હતી. આ ૧૬૯ વર્ષ જૂનું ચર્ચ છે, જે રાજકોટ શહેરના મોચીબજારમાં આવેલું છે. આ ચર્ચ 'ઈમેક્યુલેટ કન્સેપ્શન ચર્ચ'ના નામથી ઓળખાય છે. ઈમેક્યુલેટ કન્સેપ્શન નામના ચર્ચમાં એક સમયે એટલે કે, વર્ષ ૧૯૮૫થી ૧૯૮૭ દરમિયાન અહીં મધર ટેરેસા પધાર્યા હતા અને તેમણે રાત્રી રોકાણ પણ કર્યું હતું. કેથોલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓ આજે પણ આ ચર્ચમાં આવે છે.

### યુવરાજસિંહ જાડેજા પણ પરીક્ષાર્થીઓના સમર્થનમાં

# કડકડતી ઠંડીમાં રાતભર જેટકો કચેરી બહાર ઉમેદવારોનું વિરોધ પ્રદર્શન

### ઉમેદવારોને MDના મળતા ઉમેદવારો રોષ ભરાયા છે, ઉમેદવારોની MD સાથેની મુલાકાત મુદ્દે મક્કમ છે

। વડોદરા, તા.૨૨ ।

વડોદરાની જેટકોની કચેરી બહાર ઉમેદવારોએ કડકડતી ઠંડીમાં પણ વિરોધ પ્રદર્શન યથાવત રાખ્યું હતું. કચેરીની બહાર આખી રાત કડકડતી ઠંડીમાં ઉમેદવારોએ બેસીને વિરોધ કર્યો હતો. ઉમેદવારોના આ જ વિરોધ પ્રદર્શનમાં વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ પણ પહોંચ્યા હતા. ઉમેદવારો આખી રાત ઓફિસની બહાર બેસી રહ્યા હતા. તો ઠંડીથી રક્ષણ મેળવવા યુવરાજસિંહે ઉમેદવારોને ચાદર આપી હતી.

વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ કહ્યુ હતું કે પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર અને ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ અમને સમર્થન આપ્યું છે. જિજ્ઞેશ મેવાણીએ પણ સમર્થન આપ્યું છે. મેવાણી વડોદરા આવી શક છે. જો તે વડોદરા નહી આવી શકે તો મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરશે. અન્ય ધારાસભ્યો પણ અમારા સમર્થનમાં છે. જાડેજાએ કહ્યું કે હું ભગવદ્ ગીતા વાંચી રહ્યો છું. ભગવાન નો જ આશરો દેખાઈ રહ્યો છે. નોંધનીય છે કે વિદ્યુત સહાયકની પરીક્ષામાં ગેરરિતિ થતા ભરતી પ્રક્રિયા રદ કરવામાં આવી હતી. રદ કરાયેલી ભરતી પ્રક્રિયાના વિરોધમાં ઉમેદવારોએ





આંદોલન છેડ્યું છે. ગુરૂવારના વિદ્યુત સહાયકના ઉમેદવારો વડોદરા જેટકોની કચેરીએ પહોંચ્યા હતાં અને જેટકોના સ્ઢ ના મળતા ધરણા શરૂ કર્યા હતાં. રાતભર ધરણા પર રહ્યા બાદ બીજા દિવસે પણ ઉમેદવારોના ધરણા યથાવત રહ્યા હતા. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાની આગેવાનીમાં ગુરૂવારના રજૂઆત કરાઈ હતી.

જોકે ઉમેદવારોને સ્ઢના મળતા ઉમેદવારો રોષ ભરાયા છે. ઉમેદવારોની સ્ઢ સાથેની મુલાકાત મુદ્દે મક્કમ છે. જેટકોની પરીક્ષામાં થયેલી ગેરરિતીના કારણે આ પરીક્ષા રદ કરવામાં આવી છે. હવે આ પરીક્ષા ૭ જાન્યુઆરીએ અમદાવાદમાં લેવાશે. રાજકોટ, ભરૂચ, મહેસાણા ઝોનની પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. ૭ જાન્યુઆરીએ લેખિત પરીક્ષા લેવાશે તો ૨૮ અને ૨૯ ડિસેમ્બરે પોલ ક્લાઈમ્બિંગ ટેસ્ટ લેવાશે. ઉલ્લેખનિય છે કે, પરીક્ષામાં થયેલી ગેરરિતી અને તેના વિરોધ બાદ આ પરીક્ષા રદ કરવામાં આવી છે. જેટકોએ લીધેલ વિદ્યુત સહાયક ભરતી માટેની પરીક્ષા રદ કરવામાં આવી હતી. આ પરીક્ષા રાજકોટ, ભરૂચ, મહેસાણા સેન્ટરમાં લેવામાં આવી હતી. ભરતીની પ્રક્રિયામાં ગેરરીતિ થઈ હોવાની ફરિયાદો ઉઠી હતી. ફરિયાદ બાદ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે પોલ ટેસ્ટની પરીક્ષા સમયે ગેરરીતિ આચરવામાં આવી હતી. જે ઉમેદવારોએ પરીક્ષા આપી હતી તેમના માટે જ ફરીથી પરીક્ષા યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### ૩૦ લોકોને હોસ્પિટલ ખસેડાયા

## સુરેન્દ્રનગરમાં લગ્ન પ્રસંગમાં ફૂડ પોઈઝનિંગની અસર જોવા મળી

### ૨૨ નાના બાળકો સહિત ૮ લોકો ફૂડ પોઈઝનિંગનો શિકાર બન્યા છે, ૨ બાળકોને તાત્કાલિક રિફર કરવામાં આવ્યા હતા



। સુરેન્દ્રનગર, તા.૨૨ ।

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં લગ્ન પ્રસંગમાં ભોજન બાદ ફૂડ પોઈઝનિંગની અસર જોવા મળી હતી. પુનિતનગર જોગાસર વિસ્તારમાં લગ્ન પ્રસંગ દરમિયાન આ ઘટના બની હતી. ૩૦ જેટલા લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થતા હોસ્પિટલ સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા.

આ તમામ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ધ્રાંગધ્રામાં એક લગ્ન સમારંભમાં ભોજન બાદ ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. જે બાદ અંદાજિત ૩૦ જેટલા લોકોને ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. જેમાં ૨૨ નાના બાળકો સહિત ૮ લોકો ફૂડ પોઈઝનિંગનો શિકાર બન્યા છે. જ્યારે ૨ બાળકોને તાત્કાલિક રિફર કરવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર, ભોજન બાદ હળવદ પરત ફરેલા ૮ને પણ અસર થઈ હતી. જેમને હળવદ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા પાલિકા પ્રમુખ સહિત નગર પાલિકા સભ્યો સરકારી હોસ્પિટલ દોડી આવ્યા હતા. જ્યારે હાલ તમામ દર્દીઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

### PGVCLમાં બેદરકારીનો અંધારપટ

## અનીડાના એક ખેડૂતને વીજ મીટર વગર જ હજારોનું બીલ અને નોટિસ ફટકારી

। અમરેલી, તા.૨૨ ।

અમરેલીના વડીયાના અનીડા ગામનો ખેડૂત ચુની દેસાઇ નામના ખેડૂતે ૩ વર્ષ અગાઉ વીજ જોડાણ માટે અરજી કરી હતી.જોકે તેઓને વીજ મીટર તો ન મળ્યું પરંતુ મફતમાં પાછલા ૩ વર્ષથી હજારોનું વીજ બિલ અને બિલ ભરવાની નોટિસ મળી રહી છે. ખેડૂતનો આરોપ છે કે વારંવાર બાકી બિલની નોટિસ બાદ PGVCLને રજૂઆત કરાઈ તો અધિકારીઓએ અલગ અલગ કારણો રજૂ કર્યા છે.અમરેલીના વડીયાના અનીડા ગામનો ખેડૂત ચુની દેસાઇ નામના ખેડૂતે ૩ વર્ષ અગાઉ વીજ જોડાણ માટે અરજી કરી હતી. જોકે તેઓને વીજ મીટર તો ન મળ્યું પરંતુ મફતમાં પાછલા ૩ વર્ષથી હજારોનું વીજ બિલ અને બિલ ભરવાની નોટિસ મળી રહી છે. ખેડૂતનો આરોપ છે કે વારંવાર બાકી બિલની નોટિસ બાદ PGVCLને રજૂઆત કરાઈ તો અધિકારીઓએ અલગ અલગ કારણો રજૂ કર્યા છે. એક અધિકારીએ મીટર લેબ




પરિક્ષણમાં મોકલ્યાની વાત કરી છે. તો બીજા અધિકારીએ તો ખેડૂતને કોર્ટના રસ્તો બતાવી દીધો છે. ખેડૂત હાલ મુંઝવણમાં છે કે મીટર વગર બિલ આવે કેવી રીતે આવે છે. તો TV9ની ટીમે જ્યારે ખેડૂતની સમસ્યાની રજૂઆત PGVCLના અધિકારીને કરી તો અધિકારી લાજવાને બદલે ગાજ્યા હોવાનું સામે આવ્યુ છે. મીટરનો ફિક્સ ચાર્જ વસૂલાતો હોવાનો દાવો કર્યો છે. હજી તો એક રૂપિયો બાકી હોવાની નોટિસનો મામલે તાજો જ છે. ત્યાં ફરી એકવાર PGVCLનો છબરડો અમરેલીમાં ચર્ચાનું કારણ બન્યો છે. એક તરફ વીજ વિભાગ હાઈટેક બનવાની વાતો કરે છે.ત્યાં બીજી તરફ આ પ્રકારના છબરડા દર્શાવે છે કે અધિકારીઓ ઉંઘી રહ્યા છે.

## અમદાવાદથી અયોધ્યાની ફ્લાઇટના ભાવમાં વધારો

। અમદાવાદ, તા.૨૨ ।

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીના ભગવાન રામલલ્લાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવાનો છે. લોકો અત્યારથી જ અયોધ્યા જવા માટે ટ્રેન, ફ્લાઈટ અને અન્ય વાહનોમાં ટિકિટ બુક કરાવી રહ્યા છે. ૧૧ જાન્યુઆરીથી અમદાવાદથી અયોધ્યા માટે સીધી ફ્લાઈટ શરૂ થઈ રહી છે. મુસાફરોના ધસારો વધતા જ એરલાઈન્સે ભાડામાં ધરખમ વધારો કર્યો હતો. અમદાવાદથી અયોધ્યા સુધીની ફ્લાઈટના અગાઉ ૩,૯૯૯ રૂપિયા હતા જેના માટે હવે ૭,૦૦૦થી ૧૦,૦૦૦ ચૂકવવા પડશે. જેમ જેમ ઉત્સવનો પ્રંસગ નજીક આવતો જાય તેમ તેમ ફ્લાઈટના ભાડામાં વધારો થશે. અગાઉ પણ અમદાવાદથી અયોધ્યા પહોંચવા માટે હવાઈ મુસાફરીનો ઉપયોગ થતો હતો પરંતુ એમાં એક કે બે સ્ટોપ બાદ અયોધ્યા પહોંચી શકાતું હતું, જે હવે ડાયરેક્ટ ફ્લાઈટથી ૧ કલાક ૫૦ મિનિટમાં પહોંચી શકાશે. મહત્વની બાબત છે કે ૩૦ જાન્યુઆરી, ૨૦૨૪થી ફરી એના ભાવ નીચે આવતાં ૫,૦૦૦માં અયોધ્યા પહોંચી શકાશે એવી શક્યતા સેવાઈ રહી છે. આ બધા વચ્ચે ભવ્ય સમારંભને નિહાળવા દેશ-વિદેશથી મોટી સંખ્યામાં લોકો અયોધ્યા પહોંચશે.



ગુજરાતથી આ કાર્યક્રમમાં સામેલ થવા જનારા લોકોને લઈને એક સારા સમાચાર આવ્યા છે. ગુજરાતથી પણ અનેક સંતો-મહંતો અને ભક્તો અયોધ્યા જવાનું પ્લાનિંગ કરી રહ્યા છે ત્યારે અમદાવાદના એરપોર્ટથી અયોધ્યા સુધી નોન સ્ટોપ ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ફ્લાઈટનું સંચાલન ૧૧ જાન્યુઆરીથી થશે. ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા આ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જેમાં ભક્તોને અમદાવાદથી સીધા અયોધ્યા પહોંચવામાં સરળતા રહેશે. આ ડાયરેક્ટ ફ્લાઈટનું સંચાલન અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટથી થશે અને ફ્લાઈટનું ઉતરાણ અયોધ્યાના મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ એરપોર્ટ પર થશે. અયોધ્યાનું રામ મંદિર એટલા માટે પણ ખાસ છે કારણ કે લગભગ ૫૦૦ વર્ષની લાંબી લડાઈ બાદ શ્રી રામની જન્મભૂમિ પર મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થઈ શક્યું છે.

### સળિયા ચોર ગેંગનો પર્દાફાશ

## ગેરકાયદેસર રીતે ટ્રકોમાંથી સળિયા ચોરી વેચાણ કરતી ગેંગને પોલીસે ઝડપી





। અમદાવાદ, તા.૨૨ ।

પોલીસે સાણંદમાં રહેતા દર્શનકુમાર પટેલ તેમજ વિરમગામના સંજય પટેલ અને વિક્રમ જતાપરાની ધરપકડ કરી છે. પોલીસે ત્રણ આરોપીઓની સાથે એક લાખની કિંમતના લોખંડના સળિયા તેમજ બે લાખ રૂપિયાના પીકઅપવાન સહિત ત્રણ લાખથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો છે.

અમદાવાદ ગ્રામ્ય એસઓજીએ સળિયા ચોર ગેંગના ત્રણ સભ્યોને ઝડપી પ ડ્યા છે. આ સળિયા ચોર ગેંગ દ્વારા ટ્રકોમાં સળિયા ભરેલા માલને ખોલાવી તેમાંથી અમુક સળિયા ચોરી કરતા હતા જે બાદ તેને વેચતા હતા. પોલીસે માહિતીના આધારે દરોડા પાડ્યા હતાવિરમગામથી સાણંદ તરફ આવતા રસ્તે વિરપુરા ગામની સીમમાં આવેલા રેલ્વે ફાટક નજીક આવેલી પડતર ખુલ્લી જગ્યામાં એક વ્યક્તિ સળિયા ભરેલો આખો ટ્રક બોલાવી તેમાંથી ગેરકાયદેસર રીતે અમુક સળિયા કાઢી તેને ખરીદી કરે છે અને બાદમાં આ સળિયાને બજારમાં વહેંચે છે. જે માહિતીના આધારે પોલીસ દ્વારા આ જગ્યા પર દરોડા પાડતા એક પીકઅપવાનમાં સળિયા ભરતા ત્રણ લોકોને પકડી પાડ્યા હતા.પોલીસે સાણંદમાં રહેતા દર્શનકુમાર પટેલ તેમજ વિરમગામના સંજય પટેલ અને વિક્રમ જતાપરાની ધરપકડ કરી છે. પોલીસે ત્રણ આરોપીઓની સાથે એક લાખની કિંમતના લોખંડના સળિયા તેમજ બે લાખ રૂપિયાના પીકઅપવાન સહિત ત્રણ લાખથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો છે.

## વિશેષ | વાસ્મો યોજના અંતર્ગત ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાનું કનીજ ગામ બન્યું ૧૦૦% "નળ સે જળ" યુક્ત ગામ

# પહેલા પાણીની સમસ્યાના કારણે ગામના લોકોને અનેક તકલીફો વેઠવી પડતી હતી, પણ વાસ્મો યોજના હેઠળ ગામમાં સમયસર નળથી પાણી આવે છે એના માટે અમે સરકારનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે : ડેપ્યુટી સરપંચ ભૂપેન્દ્રસિંહ જાદવ

"નલ સે જલ" કાર્યક્રમ અંતર્ગત સમગ્ર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પેયજળ ઉપલબ્ધ કરાવવા સરકાર કટિબદ્ધ છે. આ યોજના અંતર્ગત વ્યક્તિદીઠ નિયમિત રીતે ઓછામાં ઓછું ૧૦૦ લિટર પીવાલાયક પાણી ગ્રામ્ય વિસ્તારોમાં મળતું થાય તેવી વ્યવસ્થા ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ યોજનાનો મુળભૂત ઉદ્દેશ્ય ગ્રામ પંચાયતોને અને ગામના લોકોને પોતાના ગામની આંતરિક પાણી પુરવઠા યોજના સંભાળી શકે તથા ગામમાં સ્વચ્છતાલક્ષી ટેવો વિકસાવવાનો છે. ગુજરાતભરના ગામડાઓના લોકો પેયજળ બાબતે અને સ્વચ્છતાની સુવિધાઓનું વ્યવસ્થાપન કરવા માટે જાતે પગલાં લઈ શકે તે રીતે આ કાર્યક્રમનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ હેઠળ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના કનીજ ગામમાં વાસ્મો યોજના હેઠળ ગામમાં ૧૦૦% ઘરોમાં નળ થી જળ આવી પહોંચ્યું છે. કનીજ ગામમાં ૨,૦૦,૦૦૦ લીટરની પાણીની ટાંકી, સોમેશ્વર લાટમાં ૧,૦૦,૦૦૦ લીટર પાણીની ટાંકી, મોટી ભાગોળમાં ૧,૦૦,૦૦૦ લીટર પાણીની ટાંકી વાસ્મો યોજના અંતર્ગત બનાવવામાં આવી છે. જેથી ગામમાં છેવાડાના ફળિયા સુધી નળ થી જળ પહોંચ્યું છે.

ગામના ડેપ્યુટી સરપંચ ભૂપેન્દ્રસિંહ જાદવ જણાવે છે કે, કનીજ ગામમાં પહેલા સિમેન્ટની પાઈપલાઈન હતી અને જો પાઈપલાઈનમાં કચરો આવે કે લીકેજ થાય તો ગામમાં પાણી બંધ રહેતું હતું. પણ આજે વાસ્મો યોજના હેઠણ સમગ્ર ગામમાં પીવીસી પાઈપ








લાઈન ગામમાં દરેક ગ્રામવાસીઓના ઘરે લગાવવામાં આવી છે. તેમજ ગામમાં આ ત્રણ મોટી પાણીની ટાંકી બનવાથી આમારું ગામ વિકાસ તરફ આગળ વધી રહ્યો છે. ગામમાં ખેતી માટે રોજિંદા જીવન માટે પાણી ખુબ જરૂરિયાત રહે છે. અને ગામ લોકો પણ પાણીની કિંમત જાણે છે. તેથી આ ગામમાં પાણીનો બગાડ પણ લોકો કરતા નથી.

ગામના રહેવાસી શિલ્પાબેન ગુર્જર જણાવે છે કે, પહેલા અમે શાળાએ ભણતા ત્યારે અમને શિખવાડવામાં આવ્યું હતું કે "જળ એ જ જીવન". નાના હતા ત્યારથી જ ૮-૧૦ કિ.મી. દુર પાણી ભરવા જવુ પડતું હતું. જો કોઈ કારણસર બિમારી આવે તો ઘરના વડીલોને આ સમસ્યાનો સામનો કરતા હતા. પાણીની સમસ્યાના કારાણે કેટલાક લોકો શહેર તરફ સ્થળાંતર કરી ચુકયા છે. અમે એક સમયે આ ગામ છોડી દેવાનું વિચાર્યુ હતું. પણ અમને સરપંચશ્રી દ્વારા જાણવા મળ્યું કે ગામમાં ૨,૦૦,૦૦૦ લીટર પાણીની ટાંકી બનવાની છે. જેથી કનીજ ગામના રહેવાસીઓને પાણીની તકલીફ રહેશે નહિ. ગામમાં ૨,૦૦,૦૦૦ લીટર પાણીની ટાંકી બની અને ગામમાં પાણી પણ આવી ગયું ત્યારે તકલીફ થોડી ઓછી થઈ. પણ આજે ગુજરાત સરકાર, ખેડા જિલ્લા પંચાયત, સરપંચશ્રી અને વાસ્મોના સહયોગથી ગામમાં ત્રણ પાણીની ટાંકી છે. કનીજ ગામમાં ૧૦૦% ઘરોમાં નળ થી જળ આવે છે. ગામમાં પીવાનું શુદ્ધ પાણી દિવસમાં બે વાર આવે છે. જેનાથી સૌ ગ્રામવાસીઓ માટે મોટી રાહત થઈ છે.

ઉલ્લેખનીય છે કે જલ જીવન મિશન અંતર્ગત ખેડા જીલ્લાના તમામ ઘરોમાં વ્યકિતગત નળ જોડાણો દ્વારા શુધ્ધ અને પૂરતા પ્રમાણમાં પુરૂ પાડવામાં આવી રહયું છે. આ કાર્યક્રમ અંતર્ગત ખેડા જીલ્લાના કુલ ૩૧૬ ગામોની યોજના બનાવીને આશરે ૧,૫૦,૦૦૦ જેટલા નળ કનેક્શનો આપીને ખેડા જિલ્લામાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરેલ છે. હાલ ખેડા જીલ્લાને વર્ષ-૨૦૨૨માં ૧૦૦ ટકા નળ કનેકશન ધરાવતો જીલ્લો જાહેર કરેલ છે.

વિકસીત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત વાસ્મો કચેરી પણ ઉત્તમ કામગીરી કરી રહી છે. વાસ્મો દ્વારા રથના રૂટના ગામોમાં સ્ટોલ કરી ગ્રામજનોને પીવાનાં પાણી વિશે આઈ.ઈ.સી. મટીમટીરીયલ પુરુ પાડવામાં આવી રહ્યું છે. તેમજ ફિલ્ડ ટેસ્ટ કીટ દ્વારા પાણી ચકાસણી કરી પીવાનાં પાણીના ફાયદા જણાવવામાં આવી રહેલ છે.

### ભારે વધઘટ પછી સેન્સેક્સ-નિફ્ટીમાં વધારો નોંધાયો

# સેન્સેક્સમાં ૨૪૨, નિફ્ટીમાં ૯૪ પોઈન્ટનો ઊછાળો જોવાયો

। મુંબઈ, તા.૨૨ ।



શેરબજારનો કારોબાર શુક્રવારે સારી ગતિ સાથે સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ લગભગ ૨૪૨ પોઈન્ટ ઉછળીને ૭૧૧૦૭ ના સ્તર પર બંધ થયો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૯૪ પોઈન્ટના ઉછાળા સાથે ૨૧૩૪૯ ના સ્તર પર બંધ થયો. શુક્રવારે એક વખત નિફ્ટી ૨૧ ૨૪૫ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. જો શુક્રવારના દિવસના કારોબારની વાત કરીએ તો નિફ્ટીએ સવારે ૨૧૩૦૧ ના સ્તરથી કારોબારની શરૂઆત કરી હતી. દિવસ દરમિયાન તે ૨૧૨૫૫ની નીચી સપાટી અને ૨૧૩૦૭ની ઊંચી સપ ાટીને સ્પર્શી હતો. એ જ રીતે બીએસઈસેન્સેક્સ ૭૧૦.૧૩ ના સ્તરે ખુલ્યો હતો, જેમાં પણ ૭૦૭૬૪ ની નીચી સપાટી જોવા મળી હતી. શુક્રવારે શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો. શુક્રવારે, શેરબજાર સકારાત્મક નોંધ પર બંધ થવામાં સફળ થયું અને નિફ્ટી ૧૦૦ થી વધુ પોઈન્ટના વધારા સાથે બંધ થયો જ્યારે સેન્સેક્સ ૩૦૦ પોઈન્ટની નજીકના વધારા સાથે બંધ થયો. શેરબજારમાં તેજીવાળા શેરોમાં વિપ્રો, એચસીએલ, ટેક મહિન્દ્રા અને ટાટા મોટર્સના શેરનો સમાવેશ થાય છે જ્યારે નબળા શેરોમાં ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, એસબીઆઈ લાઈફ અને બજાજ ફાઈનાન્સના શેરનો સમાવેશ થાય છે.

જો આપણે સૂચકાંકો વિશે વાત કરીએ તો, નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટીમાં વધારો નોંધવામાં આવ્યો છે જ્યારે નિફ્ટી બેંક થોડી નબળાઈ સાથે બંધ થયા છે. આ વર્ષે શેરબજારમાં બમ્પર વધારો થયો હોવા છતાં, પાંચ સ્મોલ કેપ કંપનીઓ છે જેમના શેરનું મૂલ્ય અડધું થઈ ગયું છે. તેમાં મિર્ઝા ઈન્ટરનેશનલ, ઈકેઆઈએનર્જી સર્વિસિસ, એનઆઈઆઈટીલિમિટેડ, જીઆરએમઓવરસીઝ અને પીસીજ્વેલર્સ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. આ વર્ષે બીએસઈસ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૪૧ ટકા વૃદ્ધિ હોવા છતાં, મિર્ઝા ઈન્ટરનેશનલના શેરોએ આ વર્ષે ૮૧ ટકાનું નેગેટિવ વળતર આપ્યું છે, જ્યારે ઈકેઆઈએનર્જી સર્વિસિસના શેર ૬૬ ટકા નબળા પડ્યા છે. એનઆઆઈટીલિમિટેડ ૬૨ ટકા નબળી પડી છે, જીઆરએમઓવરસીઝના શેર ૫૩ ટકા નબળા છે જ્યારે પીસીજ્વેલર્સના શેર અડધા ભાવે ટ્રેડ થઈ રહ્યા છે.



નવી દિલ્હી ખાતે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, નાયબ મુખ્યમંત્રીઓ રાજેન્દ્ર શુક્લા અને જગદીશ દેવડા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા.

# વાયુ પ્રદૂષણ ઘટાડીને હિમાલયના ગ્લેશિયરને બચાવી શકાય છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

એક રિસર્ચમાં થયેલા ખુલાસા અનુસાર જો વાયુ પ્રદૂષણને ઘટાડીને કોરોના રોગચાળાના સ્તર પર લાવવામાં આવે તો તેનાથી હિમાલયના ગ્લેશિયર બચી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે હિમાલયના ગ્લેશિયર આ સદીના અંત સુધી ખતમ થઈ જશે. એક આંતરરાષ્ટ્રીય સંશોધન ટીમે આ દાવો કર્યો છે. આ ટીમમાં ભારત, જર્મની અને બ્રિટનના વૈજ્ઞાનિક છે. સંશોધનમાં માલૂમ થયું છે કે વર્ષ ૨૦૨૦માં જ્યારે કોરોના લોકડાઉન થયું હતું ત્યારે હવા એકદમ સાફ હતી અને તે સમયે હિમાલયના ગ્લેશિયર ઘણા ઓછા પ્રમાણમાં ઓગળ્યા હતા. સંશોધનમાં માલૂમ થયું છે કે કોરોના લોકડાઉન દરમિયાન ગ્લેશિયર પ્રત્યેક દિવસ ૦.૫ થી ૧.૫ મિલિમિટર



ઓછા ઓગળ્યા હતા. હિમાલયના ગ્લેશિયર ઝડપથી ઓગળતા અને બરફનો જથ્થો ઓછો થવાને કારણે એશિયાના અબજો લોકો માટે પાણીનું સંકટ પેદા થઈ શકે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે જો વાયુ પ્રદુષણ ઓછું થઈને કોરોના લોકડાઉનના સમયે હતું ત્યાં આવી જાય તો તેના કારણે ગ્લેશિયર ઓગળવાની ઝડપ અડધી થઈ શકે છે. સાયન્સ જનરલ એટમોસફેરી કેમેસ્ટ્રી એન્ડ ફિઝિક્સમાં આ સંશોધન પ્રકાશિત થયું છે. અભ્યાસ અનુસાર અક્ષય ઊર્જાના સ્ત્રોતો પર નિર્ભરતાને વધારી અને પરિવહનમાં ઓછો કાર્બન ઉત્સર્જન કરીને મહત્વના સકારાત્મક ફેરફાર લાવી શકાય છે. ઉલ્લેખનીય છે કે હિન્દુકુશ હિમાલય અને તિબેટના પહાડ ઉપરાંત મધ્ય એશિયામાં સૌથી વધારે સ્નો કવરવાળા ક્ષેત્ર છે. આ સ્નો કવરમાંથી જ પાણી ઓગળીને ભારત અને ચીનની નદીઓમાં વહે છે. જેનાથી ખેતી થાય છે, વીજળી બને છે અને દેશોની અર્થવ્યવસ્થા ચાલે છે. જે ઝડપથી અત્યારે ગ્લેશિયર ઓગળી રહ્યા છે તેને જોતા તે ૨૧મી સદીના અંત સુધી સમગ્ર ગ્લેશિયર ઓગળી જવાનું જોખમ સર્જાયું છે. કોરોના લોકડાઉન દરમિયાન લોકો ઘરોની અંદર રહ્યા હતા.

# સસ્પેન્ડ સાંસદોનું જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન, તમામ રાજ્યોમાં દેખાવો

। નવી દિલ્હી, તા.૨૨ ।

ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈન્ક્લુઝિવ એલાયન્સ (ઈન્ડિયા) બ્લોક નેતાઓ શુક્રવારે રાજધાની દિલ્હીમાં ૧૪૬ વિપક્ષી સાંસદોને સસ્પેન્ડ કરવા સામે વિરોધ કર્યો. ગુરુવારે અનિશ્ચિત સમય માટે સ્થગિત કરાયેલા સંસદના શિયાળુ સત્રમાંથી સસ્પેન્ડ કરાયેલા સાંસદો સવારે ૧૧ વાગ્યે જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કર્યું. આ ઉપરાંત કોંગ્રેસ પાર્ટી દ્વારા આજે તમામ જિલ્લા મથકોએ દેશવ્યાપી વિરોધનો કાર્યક્રમ પણ નક્કી કરવામાં આવ્યો છે. સસ્પેન્ડ કરાયેલા સાંસદોમાં સામેલ કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે ગુરુવારે કહ્યું હતું કે ઈન્ડિયાના વિરોધમાં શુક્રવારે તમામ રાજ્યોમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. તેમણે કહ્યું, વિરોધ કરવો યોગ્ય છે અને આપણે બધા દિલ્હીના જંતર-મંતર પર હોઈશું. ઈન્ડિયાગઠબંધન શુક્રવાર સવારે તમામ રાજ્યોમાં વિરોધ પ્રદર્શન કર્યું, કારણ કે અમે જનતાને બતાવવા માંગીએ છીએ કે શું તેઓ વિપક્ષ વગર સંસદ ચલાવશે. જો તેઓ સાંભળશે નહીં, તો તેઓ લોકશાહીનો નાશ કરશે. એનડી ગુપ્તા, સંદીપ પાઠક, સંત બલબીર સીસવાલ અને સંજીવ અરોરા સહિત આમ આદમી પાર્ટીના સાંસદો આજે ઈન્ડિયાબ્લોક વિરોધમાં જોડાયા. કુલ ૧૪૬ સાંસદો - લોકસભામાંથી ૧૦૦ અને રાજ્યસભામાંથી ૪૬ - હાલમાં બંને ગૃહોમાં હંગામો કરવા અને કાર્યવાહીમાં વિક્ષેપ પાડવા માટે સસ્પેન્શન હેઠળ છે જ્યારે તેઓ સંસદની સુરક્ષા ભંગ અંગે કેન્દ્રીય મંત્રી અમિત શાહના નિવેદનની માંગ કરી રહ્યા હતા. આ પહેલા ગુરુવારે, રાજ્યસભાના ૨૬૨મા સત્રના સમાપન પછી, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે કહ્યું હતું કે તેમને એ કહેતા દુઃખ થાય છે કે ઉપલા ગૃહના લગભગ ૨૨ કલાક ટાળી શકાય તેવા વિક્ષેપોને કારણે વેડફાયા હતા.

# ગમે એટલા સર્વે કરો હવે કોઈ મસ્જિદ નહીં આપીએ

। નવી દિલ્હી, તા.૨૨ ।



વિવાદાસ્પદ નિવેદનો માટે કુખ્યાત મૌલાના તૌકીર રઝાએ ફરી એકવાર વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તૌકીર રઝાએ જ્ઞાનવાપી માટે રસ્તા પર લડવાની જાહેરાત કરી છે. મથુરા અને કાશી મુદ્દે તેમણે કહ્યું કે તેઓ હવે કોઈ મસ્જિદ આપવા તૈયાર નથી, પછી ભલે કોઈ ગમે તેટલો સર્વે કરે.

તેમણે રામ મંદિર પર સુપ્રીમ કોર્ટના નિર્ણયને પણ અપ્રમાણિક ગણાવ્યો હતો. તૌકીરે સોમવારે (૧૮ ડિસેમ્બર, ૨૦૨૩) દિલ્હીમાં આ નિવેદન આપ્યું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર સોમવારે દિલ્હીના ઈવાન-એ-ગાલિબ હોલમાં મુસ્લિમ પંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પંચાયતને ઈત્તેહાદ-એ-મિલ્લત કાઉન્સિલ (આઈએમસી) દ્વારા બોલાવવામાં આવી હતી. તે જ કાર્યક્રમમાં બોલતા, તૌકીરે ઝેર ઓંકતા કહ્યું કે, બાબરી મસ્જિદ પછી, બસ. અમે બાબરી સાથે ધીરજ રાખી છે પરંતુ જ્ઞાનવાપી સાથે ધીરજ રાખીશું નહીં.

### ઈન્ડિયામાં નીતિશને સંયોજક ન બનાવાતા લાલુ નારાજ

# કેજરી-મમતાએ લાલુના નીતિશને સંયોજકના મનસૂબા પર પાણી ફેરવ્યું

। પટણા, તા.૨૨ ।



ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને સંયોજક ન બનાવતા જેડીયુ જ નહી પરંતુ લાલુપ્રસાદ પણ નારાજ છે. જેડીયુએ પોતાની આગામી રણનીતિ નક્કી કરવા માટે ૨૯ ડિસેમ્બરે રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક બોલાવી છે. બીજી તરફ બિહારમાં ઈન્ડિયા ગઠબંધન તૂટવા ને લઈને અફવાઓનું બજાર ગરમ થઈ ગયું છે. હકીકતમાં જેડીયુમાં દબાતા અવાજે ચર્ચા ઉઠી છે કે 'નીતીશ નહીં તો મોદી હી સહી' નીતીશને કોઈ પદ ન મળવાથી લાલુપ્રસાદને એક તરફ બિહારની સત્તા ગુમાવવાનો ડર સતાવવા લાગ્યો છે બીજી તરફ પુત્ર તેજસ્વી યાદવ માટે સીએમ પદ દુર જતું દેખાઈ રહ્યું છે.

લાલુ પ્રસાદ યાદવ પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસ વચ્ચે તાલમેલ બેસાડવા માટે સંયોજક પદ પર નીતીશ કુમારને ગોઠવવા માંગતા હતા. જેને કારણે પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસ વચ્ચે સારો તાલમેલ રહે પરંતુ લાલુપ્રસાદનો આ દાવ અરવિંદ કેજરીવાલ અને મમતા બેનર્જીએ મળીને નિષ્ફળ કરી દીધો છે.

આ કારણે લાલુપ્રસાદ પોતાનો મનસુબો પાર પાડવામાં નિષ્ફળ રહ્યા છે જેથી નારાજ ચાલી રહ્યા હોવાનું સામે આવ્યું છે. લાલુપ્રસાદની ઈચ્છા પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસને એકજુથ કરવા માટે આ પ્રસ્તાવ પસાર કરાવવાની હતી કે લોકસભા ચુંટણી બાદ જે નેતાના પક્ષમાં વધારે સાંસદ હશે તેને પ્રધાનમંત્રી બનાવવામાં આવશે. લાલુપ્રસાદ પ્રાદેશિક પક્ષોમાં આશા બંધાવી રાખવા માંગતા હતા કે તેમનો નેતા પણ પીએમ બની શકે છે.

આ ભરોસો જાળવી રાખવાની તેમની ઈચ્છા હતી. લાલુપ્રસાદની ઈચ્છા હતી કે નીતીશકુમાર વિપક્ષી દળોના ગઠબંધનના મુખ્ય સુત્રધાર રહે. એટલે માટે તેમણે સંયોજક પદ આપવું જોઈએ. બીજી તરફ ચુંટણી બાદ જીતેલા સાંસદ જેને પ્રધાનમંત્રી પસંદ કરવા ઈચ્છે તેને પીએમ બનાવવા માટે સ્વતંત્ર થઈને ચુંટણી કરે છે.

### વિન્ડીઝે ટી૨૦ વર્લ્ડ કપ ચેમ્પિયન ઈંગ્લેન્ડનો નશો ઊતાર્યો

# પાંચમી ટી૨૦માં ઈંગ્લેન્ડને ચાર વિકેટે હરાવી વિન્ડિઝે ૩-૨થી શ્રેણી જીતી

### મેચમાં ત્રણ વિકેટ ઝડપનાર વેસ્ટ ઈન્ડિઝના ડાબોડી સ્પિનર ગુડાકેશ મોતી પ્લેયર ઓફ ધ મેચ બન્યો

। તરુબા, તા.૨૨ ।

ટી૨૦ વર્લ્ડ કપ ચેમ્પિયન ઈંગ્લેન્ડનું ગૌરવ વેસ્ટ ઈન્ડિઝ સામે ચકનાચૂર થઈ ગયું. કેરેબિયન ટીમે ગુરુવારે પાંચમી અને અંતિમ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચમાં ૪ બોલ બાકી રહેતા ઈંગ્લેન્ડને ચાર વિકેટથી હરાવ્યું હતું. તરુબામાં રમાયેલી મેચમાં ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ સ્વીકાર્યું અને સમગ્ર ટીમ ૧૯.૩ ઓવરમાં ૧૩૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે ૧૯.૨ ઓવરમાં છ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. આ સાથે વેસ્ટ ઈન્ડિઝે પાંચ મેચની ટી૨૦ ઈન્ટરનેશનલ શ્રેણી ૩-૨થી જીતી લીધી છે. મેચમાં ત્રણ વિકેટ ઝડપનાર વેસ્ટ ઈન્ડિઝના ડાબોડી સ્પિનર ગુડાકેશ મોતીને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. આ સાથે જ વર્તમાન શ્રેણીમાં બે સદી ફટકારનાર ફિલ સોલ્ટને પ્લેયર ઓફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. સોલ્ટે શ્રેણીમાં ૩૩૧ રન બનાવ્યા હતા. ૧૩૩ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડિઝને જોન્સન ચાર્લ્સ તરફથી ઝડપી શરૂઆત મળી હતી, પરંતુ તેને બ્રેન્ડન કિંગનો સાથ મળ્યો નહોતો. રીસ ટોપલીએ કિંગને બટલરના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. નિકોલસ પૂરન (૧૦) પણ કંઈ ખાસ કરી શક્યો ન હતો અને ક્રિસ વોક્સ દ્વારા ક્લીન બોલ્ડ થયો હતો. આદિલ રાશિદે ચાર્લ્સને બટલરના હાથે કેચ આઉટ કરાવીને યજમાન ટીમને ત્રીજો ઝટકો આપ્યો હતો. શેરફેન રધરફોર્ડ (૩૦)એ ઝડપથી સ્કોર કર્યો, પરંતુ રાશિદે તેને કુરાનના હાથે કેચ આઉટ કરાવ્યો.




શાઈ હોપે (૪૩) એક છેડો પકડી રાખ્યો અને બીજા છેડે વિકેટો પડવા છતાં વેસ્ટ ઈન્ડિઝની જીતની આશા જીવંત રાખી. કેરેબિયન ટીમ આખરે વિજય નોંધાવવામાં સફળ રહી. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની શરૂઆત હોલ્ડરે બગાડી હતી. જેસન હોલ્ડરે ઈંગ્લિશ કેપ્ટન જોસ બટલર (૧૧)ને થોમસના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. ટૂંક સમયમાં જ અકીલ હુસૈને વિલ જેક્સ (૭)ને ક્લીન બોલિંગ કરીને ઈંગ્લિશ ટીમને બીજો ઝટકો આપ્યો હતો. લિયામ લિવિંગસ્ટોન (૨૮) અને ફિલ સોલ્ટ (૨૮) એ ઈનિંગ્સના નિર્માણની જવાબદારી લીધી હતી. પરંતુ મોતીએ સોલ્ટની બોલિંગ કરીને ઈંગ્લેન્ડની મુશ્કેલીઓ વધારી દીધી. આ પછી ઈંગ્લેન્ડના બેટ્સમેનો વધુ સમય ક્રિઝ પર ટકી શક્યા ન હતા. થોડી જ વારમાં ઈંગ્લેન્ડ ૧૯.૩ ઓવરમાં ૧૩૨ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. વેસ્ટ ઈન્ડિઝ તરફથી ગુડાકેશ મોતીએ સૌથી વધુ ત્રણ વિકેટ ઝડપી હતી. જેસન હોલ્ડર, અકીલ હુસૈન અને આન્દ્રે રસેલને બે-બે સફળતા મળી હતી.

### સંજુ સેમસને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રથમ સદી ફટકારી

# દ.આફ્રિકાને ૭૮ રને હરાવી ભારતે વન-ડે શ્રેણી જીતીને ઈતિહાસ રચ્યો

### સેમસને ૧૧૪ બોલમાં ૧૦૮ રનની ઈનિંગ રમી, ભારતે નવમાંથી બીજી વખત શ્રેણીમાં વિજય મેળવ્યો







। ડરબન, તા.૨૨ ।

ભારતે ત્રીજી અને છેલ્લી નિર્ણાયક મેચમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ઈતિહાસ રચ્યો હતો. ભારતે બીજી વખત દક્ષિણ આફ્રિકામાં વનડે શ્રેણી જીતી છે. પાર્લમાં રમાયેલી છેલ્લી વન-ડેમેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને ૭૮ રનથી હરાવ્યું હતું. ભારત તરફથી સંજુ સેમસને સદીની ઈનિંગ રમી હતી. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતે શરૂઆતમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યુ કરનાર રજત પાટીદાર ૨૨ રન બનાવીને આઉટ થયો હતો. તે જ સમયે, સાઈ સુદર્શન પણ મોટી ઈનિંગ્સ રમી શક્યો ન હતો. તે માત્ર ૧૦ રન બનાવીને હેન્ડ્રીક્સનો શિકાર બન્યો હતો. કેપ્ટન કેએલ રાહુલે ૨૧ રનનું યોગદાન આપ્યું હતું. ત્રણ વિકેટ ઝડપથી પડી ગયા બાદ સંજુ સેમસને તિલક વર્મા સાથે સદીની ભાગીદારી કરી હતી. બંને વચ્ચે ૧૩૬ બોલમાં ૧૧૬ રનની ભાગીદારી થઈ હતી. આ દરમિયાન તિલક વર્મા ૫૨ રન બનાવીને આઉટ થયો હતો. આ સાથે જ સંજુ સેમસને સાવચેતીથી રમતા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની પ્રથમ સદી ફટકારી હતી. સેમસને ૧૧૪ બોલમાં ૧૦૮ રનની ઈનિંગ રમી હતી. અંતે રિંકુ સિંહે ૨૭ બોલમાં ૩૮ રનની ઈનિંગ રમી હતી. ભારતે નિર્ધારિત ઓવરમાં ૮ વિકેટે ૨૯૬ રન બનાવ્યા હતા. બી હેન્ડ્રીક્સને ત્રણ વિકેટ મળી હતી. ભારતના ૨૯૭ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની શરૂઆત સારી રહી છે. પ્રથમ વિકેટ માટે ૫૯ રનની ભાગીદારી થઈ હતી. ટોની ડી જ્યોર્જીએ એક છેડે સાવધાનીપૂર્વક રમતા ૮૧ રનની ઈનિંગ રમી હતી. એડન માર્કરામે ૩૬ રનનું યોગદાન આપ્યું હતું.

હેનરિક ક્લાસને ૨૧ રન બનાવ્યા હતા. ભારત તરફથી તમામ પાંચ બોલરોને વિકેટ મળી હતી. અર્શદીપ સિંહે સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. નોંધનીય છે કે ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકામાં અત્યાર સુધી ૯ વનડે શ્રેણી રમી ચુકી છે. દક્ષિણ આફ્રિકાએ ૭ વખત સીરીઝ જીતી છે અને ભારતે ૨ વખત સીરીઝ જીતી છે. કોહલીની કપ્તાનીમાં ભારતે ૨૦૧૮માં વનડે શ્રેણી જીતી હતી. હવે કેએલ રાહુલની કપ્તાનીમાં યુવા ખેલાડીઓએ ફરી આ કારનામું કર્યું છે.

# માઓવાદીઓએ ટ્રેક ઊડાડી દેતા હાવડા-મુંબઈ રેલ વ્યવહાર ખોરવાયો

। રાંચી, તા.૨૨ ।

ઝારખંડના ચાઈબાસા ક્ષેત્રના ગોઈલકેરા-પોસૈતા રેલવે સ્ટેશન વચ્ચે કારો બ્રિજ નજીક રેલવેફાટક પર ભયંકર વિસ્ફોટ કરાયાની માહિતી મળી છે. અહેવાલ અનુસાર માઓવાદીઓએ બોમ્બ વિસ્ફોટ કરી આ ટ્રેકને ઉડાવી નાખ્યું હતું જેના લીધે હાવડા-મુંબઈ વચ્ચેની રેલવે લાઈન પર ટ્રેનોની અવર-જવર ઠપ થઈ ગઈ છે. માહિતી અનુસાર ૨૨ ડિસેમ્બરે ભાકપા(માઓવાદી) એ ભારત બંધની જાહેરાત કરી હતી. એવી આશંકા છે કે આ બંધની અસર દેખાય એટલા માટે જ



કદાચ માઓવાદીઓ દ્વારા આ કૃત્ય કરાયું હતું. માઓવાદીઓએ ગુરુવારે રાતે ૧૦ વાગ્યે આ ઘટનાને અંજામ આપ્યો હોવાની જાણકારી છે. આ ઘટનાની જાણ થતાં જ શાલીમાર કુર્લા એક્સપ્રેસને ગોઈલકેરા સ્ટેશને જ અટકાવી દેવામાં આવી હતી નહીંતર મોટી દુર્ઘટના સર્જાઈ હોત.

# ભાગલપુરમાં સુરક્ષા કવચ તોડી યુવક ભાગવત પાસે પહોંચ્યો હતો

। ભાગલપુર, તા.૨૨ ।

ભાગલપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતની ઝેડ પ્લસ કેટેગરીની સુરક્ષા તોડતી વખતે એક યુવકે તેમને ગુલદસ્તો આપ્યો. શુક્રવારે સવારે લગભગ ૧૦ વાગ્યે ઐતિહાસિક મહર્ષિ મેં કુપ્પા ઘાટ આશ્રમની સંઘના વડાની મુલાકાત દરમિયાન, એક યુવક આમંત્રણ વિના સુરક્ષા કોર્ડન તોડીને, સંઘ પ્રમુખની ખૂબ નજીક ગયો અને આરામથી તેમને ગુલદસ્તો આપ્યો. સંઘના વડાએ પણ ગુલદસ્તો સહજતાથી સ્વીકાર્યો અને સ્મિત સાથે તેનું સ્વાગત કર્યું. ત્યાં સુધીમાં, સુરક્ષા વ્યવસ્થામાં આ મોટી ક્ષતિનો અહેસાસ થતાં, ભાનપુર શહેરના ડીએસપીએ યુવકને સંઘના વડા પાસેથી પકડી લીધો હતો અને તેને બરારી પોલીસને સોંપ્યો હતો. પ્રાથમિક પૂછપરછ દરમિયાન તેની ઓળખ મુન્ના બાબા ઉર્ફે ગાંધી તરીકે થઈ છે. તે કોતવાલી તતારપુર પોલીસ સ્ટેશન વિસ્તારનો રહેવાસી હોવાનું કહેવાય છે.

# સિરમ જેએન-૧ માટે પણ વેક્સિન બનાવશે, લાયસન્સ માટે અરજી

। પૂણે, તા.૨૨ ।

કોરોના વાયરસે ફરી એકવાર દેશમાં અનેક લોકોને ઝપટમાં લેવાનું શરૂ કર્યું છે. તેની પાછળ મુખ્ય કારણ આ વાયરસનું નવું વેરિયન્ટ જેએન.૧ મનાઈ રહ્યું છે. જોકે હવે ગભરાવાની જરૂર નથી કેમ કે એવા સમાચાર મળી રહ્યા છે કે ટૂંક સમયમાં જ જેએન.૧ વેરિયન્ટ માટે પણ વેક્સિન આવશે. માહિતી અનુસાર કેટલાક અહેવાલોમાં દાવો કરાયો છે કે પૂણેમાં આવેલી સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા જલદી જ ભારતમાં નવા જેએન.૧ વેરિયન્ટની વેક્સિન માટે અરજી કરવાની તૈયારીમાં છે. કંપનીના પ્રવક્તાનું કહેવું છે કે સીરમ ઈન્સ્ટિટ્યૂટ હાલમાં કોરોનાના એક્સબીબી૧ વેરિયન્ટ માટે એક વેક્સિન રજૂ કરી શકે છે.

## તંત્રી લેખ...

# અપરાધોનો શિકાર મહિલાઓ પણ બની રહી છે

મહિલા સશક્તીકરણના આ દોરમાં મહિલાઓ વિરુદ્ધ હિંસા દેશ અને સમાજમાં સક્રિય વિમર્શનો હિસ્સો નથી બની રહી. કદાચ એટલા માટે, કારણ કે ભારતીય સમાજમાં મહિલાઓ એક લાંબા કાળ સુધી અવમાનિત અને શોષણનો શિકાર રહી છે. સામાજિક પરંપરાઓ, રીતરિવાજો અને સમાજમાં પ્રચલિત માપદંડોનું મહિલાઓના ઉત્પીડનમાં યોગદાન ઓછું નથી રહ્યું. મહિલાઓ પ્રત્યે શારીરિક હિંસા, અપહરણ, યૌન ક્રૂરતા અને એના પર તેજાબ ફેંકવા જેવી ઘટનાઓ આજે પણ સાંભળવા અને વાંચવા મળી રહી છે. તે ઉપરાંત જાહેર સ્થળોએ તેમની સાથે છેડછાડની ઘટનાઓ પણ થતી રહે છે. આ જ સંદર્ભમાં રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો (એનસીઆરબી)ના ૨૦૨૨ના રિપોર્ટનું માનીએ તો દેશમાં મહિલાઓ વિરુદ્ઘ ચાર ટકા અને બાળકો વિરુદ્ઘ અપરાધોમાં ૮.૭ ટકાનો વધારો થયો છે. આ ઘટનાઓ સાથે જોડાયેલ દર કલાકે ૫૧ ફરિયાદો નોંધાઈ રહી છે. સ્પષ્ટ છે કે સ્થિતિ ચિંતાજનક છે. સાયબર અપરાધોના કેસોમાં પણ ૨૪.૪ ટકાનો વધારો નોંધાયો છે. આ અપરાધોનો શિકાર મહિલાઓ પણ બની રહી છે. મહિલાઓ વિરુદ્ઘ અપરાધોમાં સતત ત્રણ વર્ષથી વૃદ્ધિ નોંધાઈ રહી છે. ૨૦૨૨માં મહિલાઓ વિરુદ્ઘ કેટલાય અપરાધો સાથે જોડાયેલ કુલ ૪,૪૫,૨૫૬ કેસો નોંધાયા, જ્યારે ૨૦૨૧ અને ૨૦૨૦માં અનુક્રમે ૪,૨૮,૨૭૮ અને ૩,૭૧,૫૦૩ હતા. ૨૦ લાખથી વધુ આબાદીવાળા ૧૯ મહાનગરોમાં મહિલાઓ વિરુદ્ઘ અપરાધના ૪૮,૭૫૫ કેસો નોંધાયા, જ્યારે ૨૦૨૧માં આ આંકડો ૪૩,૪૧૪ રહ્યો. જોવામાં આવે તો મહિલાઓ વિરુદ્ઘ હિંસામાં પરંપરાગત સામાજિક વ્યવસ્થામાં સમાહિત એક વિચારધારા રહી છે, જે પુરુષોની તુલનામાં મહિલાઓને કમતર આંકે છે, પરંતુ એ પણ સત્ય છે કે જેમ જેમ મહિલાઓ સામાજિક, આર્થિક, અને રાજનીતિના ક્ષેત્રે ડગ માંડી રહી છે, તેમ તેમ તેમના વિરુદ્ઘ હિંસા કરનારી તાકાતો કમજોર પડવા લાગે છે. એક એવા સમયે જ્યારે કાર્યક્ષેત્રમાં મહિલાઓની સંખ્યા વધી રહી છે, ત્યારે તેમના વિરુદ્ઘ થનારા અપરાધો પર અંકુશ લગાવવાની જરૂર છે. આ જરૂરિયાતની પૂર્તિ કાયદો વ્યવસ્થામાં સુધાર કરીને જ કરી શકાય છે. એનસીઆરબીના આંકડા દર્શાવે છે કે જે રાજ્યોમાં મહિલા સુરક્ષા સાથે જોડાયેલા કાયદા લાગુ કરવામાં ઝીરો ટોલરન્સ નીતિ છે અને વિભિન્ન કાર્યક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધી છે, ત્યાં મહિલાઓ અને બાળકો પ્રત્યે અપરાધ ઘટ્યા છે.ઉત્તર પ્રદેશ તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. એનસીઆરબી અનુસાર ઉત્તર પ્રદેશમાં મહિલા સંબંધી અપરાધોને લઈને ૨૦૨૦માં ૬૫,૭૪૩ કેસો નોંધાયા, જ્યારે ૨૦૨૧માં તેની સંખ્યા ઘટીને ૫૬,૬૮૩ રહી ગઈ. આજે ઉત્તર પ્રદેશમાં આરોપીઓને સજા આપાવવાનો દર રાષ્ટ્રીય સરેરાશ ૨૫.૩ ટકાના મુકાબલે ૧૮૦ ટકાથી પણ વધુ છે. આ મામલે ઉત્તર પ્રદેશ પહેલા સ્થાને છે. ઉત્તર પ્રદેશમાં ૭૦.૮ ટકા કેસોમાં આરોપીઓને સજા થઈ છે. મહિલાઓ વિરુદ્ઘ અપરાધોમાં વૃદ્ધિની સાથે એ પણ સત્ય છે કે મહિલાઓ આજે પ્રગતિના નવા-નવા લ-યો હાંસલ કરી રહી છે. તે પોતાની પરંપરાગત છબિનું આવરણ ઉતારીને નવો ઈતિહાસ રચી રહી છે. ભારતમાં નારી શક્તિ સાથે જોડાયેલ રિપોર્ટ દર્શાવે છે કે શ્રમબળમાં મહિલાઓની ભાગીદારી દર નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૩૭ ટકા પર પહોંચી ગયો છે. ૨૦૨૧-૨૨માં આ દર ૩૨.૮ ટકા હતો. વૈશ્વિક લૈંગિક અંતર રિપોર્ટ, ૨૦૨૩ જણાવે છે કે આ મામલે ભારતે ૮ અંકોનો સુધાર કર્યો છે.

## બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યા મુસ્લિમોની ઘૂસણખોરી પણ ચાલુ છે

ભારતની છબિ દુનિયાભરમાં ઉદાર રાષ્ટ્રની રહી છે. ભારતે આઝાદી બાદથી ઉદારતાપૂર્વક શરણાર્થીઓને શરણ આપ્યું છે. ભલે તે પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં રહેતા અલ્પસંખ્યક હિંદુ, શીખ હોય કે તિબેટથી આવેલા શરણાર્થી. બધા ભારતમાં શાંતિપૂર્વક રહે છે. ભારતની ઉદારતાને કારણે ગેરકાયદે રૂપે બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યા મુસ્લિમોની ઘૂસણખોરી પણ ચાલુ છે. દેશના વિભિન્ન વિસ્તારોમાં પ્રવાસીઓની સમસ્યા કેટલી હદે વકરી છે, તેનો અંદાજો એના પરથી લગાવી શકાય છે કે કેન્દ્ર સરકાર માટે સાચા આંકડા મેળવવા પણ મુશ્કેલ થઈ રહ્યું છે. આ એક રીતે શરૂઆતમાં જ સમસ્યાની અવગણનાથી પેદા થયેલી મુશ્કેલી છે. તેથી સવાલ એ થાય છે કે કુલ વૈશ્વિક ક્ષેત્રફળના માત્ર ૨.૪ ટકા અને જળ સંસાધનોના માત્ર ચાર ટકા ભાગના જોરે આપણી લગભગ દોઢ અબજ આબાદીનું વહન કરી રહેલો દેશ શું ઘૂસણખોરોનો બોજ ઉઠાવવા સક્ષમ છે? ગત દિવસોમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું આપીને જણાવ્યું કે દેશમાં વિભિન્ન હિસ્સામાં રહેતા ગેરકાયદે પ્રવાસીઓના આંકડા એકત્ર કરવા સંભવ નથી. એટલા માટે કે ઘણા લોકો ચોરીછૂપી દેશની સીમામાં દાખલ થાય છે. ઉલ્લેખનીય છે કે સર્વોચ્ચ ન્યાયાલય નાગરિકતા કાયદાની કલમ ૬એની કાયદેસરતા પર સુનાવણી કરી રહી છે, જે અસમમાં ગેરકાયદે પ્રવાસીઓ સંબંધિત છે. હાલમાં જ અદાલતે કેન્દ્ર સરકારને એનાથી સંબંધિત આંકડા માગ્યા હતા કે દેશમાં ૧ જાન્યુઆરી ૧૯૬૬થી લઈને ૨૫ માર્ચ ૧૯૭૧ સુધી કેટલા બાંગ્લાદેશી નાગરિકોને અસમમાં ભારતીય નાગરિકતા પ્રદાન કરવામાં આવી. સાથે જ ગેરકાયદે ઘૂસણખોરી રોકવા માટે અદાલતે સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલ પગલાં વિશે પણ પૂછ્યું હતું. શીર્ષ અદાલતની આ મુદ્દે કેન્દ્ર સરકારને સ્થિતિ સ્પષ્ટ કરવાની માંગ પાછળ ગેરકાયદે પ્રવાસીઓની નાગરિકતાથી લઈને તેમને કારણે પેદા થનારી અન્ય સમસ્યાઓ પર ઉઠતા સવાલોનો હલ કાઢવાની કોશિશ છે. પરંતુ અદલાતને આપવામાં આવેલ કેન્દ્ર સરકારના જવાબથી આ સમસ્યાની જટિલતાનો અંદાજો આવે છે. સવાલ છે કે લાંબા સમયથી દેશની અંદર અલગ-અલગ વિસ્તારોમાં તેમની ઓળખ નકકી કરી શકવા અને તેમના આંકડા એકત્ર કરવામાં આ સ્તરની સમસ્યા કેમ પેદા થઈ? રોજેરોજ અન્ય દેશો સાથે જોડાતી સીમાને સુરિક્ષત કરવા માટે વ્યાપક રકમ ખર્ચ કરવા અને દરેક સ્તર પર ઉપાય કરવાના દાવા વચ્ચે એ કઈ રીતે શક્ય થઈ શકે કે કેટલાક લોકો ગુપ્ત રીતે ભારતીય સીમામાં દાખલ થઈ જાય, પરંતુ પોતાની ઓળખ છૂપાવીને અહીંની આબાદીમાં ભળી પણ જાય? એવું નથી કે ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી દ્વારા આવતા પડોશી દેશોના લોકોથી પેદા થતી સમસ્યા નવી હોય. ભારતના પડોશી બાંગ્લાદેશથી ગેરકાયદે રીતે આવેલ પ્રવાસી છેલ્લા કેટલાય દાયકાથી ચિંતાનું કારણ રહ્યા છે અને કેટલીય વાર તેને રાજકીય મુદ્દાનું રૂપ ધારણ કર્યું. આ કારણે ઉપજેલા હિંસક ટકરાવમા ંસેંકડો લોકોની હત્યા પણ થઈ ચૂકી છે. હાલના દિવસોમાં પડોશી દેશોના કેટલાય લોકો ગેરકાયદે રૂપે ભારતમાં પ્રવાસ કરતા રહ્યા છે અને તે ઉત્પીડનને કારણે નહીં, બલ્કે ભારતમાં બહેતર આર્થિક અવસરોની શોધમાં કરે છે.

શીર્ષક- પ્રાસંગિક

# નરસિંહ એટલે એક એવો સિંહ, કે જે વિકરાળ નથી, પણ ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળને ગળી (ઓળંગી) ગયો છે



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં માગશર સુદ સાતમ હતી એટલે કે નરસિંહ હારમાળા જયંતિનો દિવસ. વિક્રમ સવંત ૧૫૧૨માં જૂનાગઢનાં રાજા રા માંડલિક એ ત્યારની પ્રજાનાં કહેવા અનુસાર, નરસિંહ ભક્તિને નામે સ્ત્રીઓ સાથે અભદ્ર વર્તન કરે છે, એવો આક્ષેપ કર્યો. રાજા એ કહ્યું કે તમારી ભક્તિ સાચી હોય તો એને પ્રમાણિત કરો. આમ કરી એને કારાવાસમાં નાખી દીધાં, અને સ્વયં ભગવાન કૃષ્ણ નરસિંહને માગશર સુદ સાતમનાં દિવસે જેલમાં હાર મોકલ્યો હતો, અને કરતાલ તથા તંબુરો આપી એની ભક્તિને પ્રમાણિત કરી હતી, એ કથાનક આપણે જાણીએ છીએ. પરંતુ આ કંઈ છેલ્લી વાર નહોતું! કોઈ વાર જ્ઞાતિ એ, તો કોઈ વાર સમાજે, એને ભક્તિ માટે ખૂબ સતાવ્યા, પણ એમની કૃષ્ણ તરફની શ્રદ્ધા જરાય ડગી નહીં, અને એમણે ભક્તિની પરાકાષ્ઠા પર ભાવ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. આપણે સૌ જાણીએ છીએ કે નરસિંહને કૃષ્ણ પ્રત્યે અનહદ લગાવ હતો, અને એ જ ભાવ તેને ભક્તિની પરાકાષ્ઠા સુધી દોરી ગયો. તત્વતઃ પ્રભુ વ્યાપક છે, એ દર્શન નરસિંહનું હતું! એમને જડ ચેતન સૌમાં કૃષ્ણના જ દર્શન થતા હતાં. નરસિંહ એ પોતાના જીવન દરમિયાન ખૂબ બધા સંઘર્ષ ને સહન કર્યા, એમાં જે તે સમયની નાગર જ્ઞાતિનો પણ બહુ મોટો ફાળો છે, એ સત્ય પણ સ્વીકારવું રહ્યું. પરંતુ સત્યને પ્રતિપાદિત કરવા માટે અસત્યનું હોવું પણ એટલું જ જરૂરી છે, અને એ સમયની પ્રજા કે જ્ઞાતિ એ અસત્ય માટે નિમિત્ત બની, એવું એક સમાધાનનું વલણ સ્વીકારી શકાય! જો કે જે સત્ય છે એ છે! અને એની માટે હૃદયમાં કાયમનું દુઃખ રહે છે, કે જેના નામથી આખી નાગર જ્ઞાતિ વિશ્વ ઉજાગર થઈ, એનો જ એને સતાવવામાં હાથ પણ રહ્યો.



આમ તો જ્ઞાતિએ વિકાર છે, એવું આપણા ગંગા સતી કહી ગયા છે, એટલે કે "ભાળવા હોય જેને રામ ને.... કાઢવો વર્ણનો વિકાર પાનબાઈ"! પણ નાગર માટે પૂજ્ય મોરારીબાપુ એ કહ્યું છે કે નાગર કોઈ જ્ઞાતિ નથી, નીત નુતન વિચારધારા છે, અને એટલે નાગર કેવડાવવું સ્વાભાવિક રીતે જ ગમે. વ મમ્મી પપ્પા તો ખરા જ પણ એ ઉપરાંત અત્યાર સુધી ત્રણ ચેતના એ આ આગવા વ્યક્તિત્વનું ઘડતર કર્યું છે, એમાં સર્વ પ્રથમ સદગુરુ દેવ પરમ પૂજ્ય શ્રી રામ શર્મા આચાર્ય કે જેણે એક યુગ પુરુષની ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે, અને યુગ નિર્માણ માટે આજે પણ આ રીતે એની ચેતના કામ કરે છે. બીજી પરમ પૂજ્ય મોરારીબાપુની, અને એ જીવંત ચેતના પણ આ માટે જ કામ કરે છે. ત્રીજી ચેતના એટલે નરસિંહ ! કે જે જન જાગરણ માટે અને સ્વમાં સુધારા પર કામ કરે છે. એટલે જેણે જેણે ભક્તિની પરાકાષ્ઠા સુધી પહોંચવું હોય, એને આજે પણ ત્યાં સુધીના મુકામે દોરી જવા સમર્થ છે, અને એની માટેનો એક જ માર્ગ છે, એમનાં પદ! કૃષ્ણ પ્રત્યેની એમની પ્રીત એ જ પૂર્ણ શરણાગતિ, અને જ્યાં ઈશ્વર દાસત્વ કરે છે. આવું દર્શન ક્યા ધર્મ કે સંસ્કૃતિમાં જોવા મળે? આમ તો નરસિંહ એ પોતાના જીવનકાળ દરમિયાન ઘણા પદો લખ્યાં છે, અને એમની શબ્દ વેદ નામની સમગ્ર રચના એકઠી કરેલ એક કૃતિ મારી પાસે છે, એમાં એના ૭૦૦ ઉપર પદ નોંધાયા છે. પરંતુ હજી એમાં ઘણા પદ નથી, જે આપણે ત્યાં નરસિંહના નામે બોલે છે. એમનો જન્મ ૧૪૧૪ અને મૃત્યુતિથિ ૧૪૮૮ બતાવવામાં આવી છે, એટલે કે લગભગ ૭૮ થી ૭૯ વર્ષનું એમનું આયુષ્ય રહ્યું માતા પિતાનું મૃત્યુ પાંચ વર્ષ દરમિયાન જ થઈ ગયું, અને દાદી એ ઉછેર્યા. દાદી કૃષ્ણ ભક્ત હતાં, અને એને કારણે એમને પણ કૃષ્ણ ભક્તિનો રંગ લાગ્યો. છ વર્ષની આયુ સુધી તો બોલતા પણ શીખ્યા નહોતા! કૃષ્ણ સાથે એમનું કઈ હદનું જોડાણ હતું, એ તો એના પદ એટલે કે રચના પરથી આપણે અનુભવીએ છીએ. આજે તો હવે એ બધું શબ્દ બંધારણ ની રીતે એટલે કે વ્યાકરણની રીતે કયો છંદ! એ રીતે પણ સિદ્ધ થયું છે. એમની કૃતિઓ પરથી એમના શબ્દ વૈભવનો પણ અનુભવ થાય છે, દરેકે દરેક પદમાં નવીનતા, લાલિત્ય, અને સંમોહનની જડીબુટ્ટીઓથી જાણે ભર્યા હોય એમ લબાલબ ભાવ ભર્યો છે. કૃષ્ણ સંગ રાધા અને ગોપી બની એમણે ગોકુળ વૃંદાવનની કૃષ્ણ લીલા માણ્યાનાં એ શૃંગારના પદ તો શું કહેવું? આપણી તો માનસિકતાની પરે જાય! કારણ કે એક પુરુષ દેહમા આટલી હદે ગોપી ભાવને લાવવો એ કેટલી મોટી વાત છે,અને આ જ છે ભક્તિની તાકાત! જાગને જાદવા થી શરૂ કરીને ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મ લોકમાં નાહિ રે.... આવાં ૬૫ થી ઉપર આધ્યાત્મની ટોચ પર લઈ જનારા પદ અદભૂત! અદભૂત! નરસિંહ નરસિંહ છે! અને કૃષ્ણ એની વગર અધૂરાં છે, અને કૃષ્ણ વગર નરસિંહ તો અધૂરાં છે જ! એનું તો સકલ અસ્તિત્વ એની મય હતું, છે! અને રહેશે! કારણ કે ઈશ્વર અવિનાશી તત્વ ને એ પામી ગયા છે. પરંતુ મારો એક સીધોસાદો પ્રશ્ન છે કે નરસિંહને આપણે કંઈ રીતે ઓળખીશું? એનાં નામથી! એની જ્ઞાતિ થી કે પછી એનાં પદ એટલે કે રચનાથી! મારી વાત કરું તો મને નરસિંહ આગળ મહેતા લગાડવું બહુ ગમતું નથી! કારણ કે એ જ્ઞાતિગત વાત થઈ જાય, અને જ્ઞાતિ એ એની સાથે શું વ્યવહાર કર્યો હતો એ કહેવાની જરૂર નથી. નરસિંહ એટલે કે નર સ્વરૂપે આવેલ અસ્તીત્વની વ્યવસ્થાનાં પાયા પર આવેલો એક એવો સિંહ ! કે જે વિકરાળ બિલકુલ નથી, પણ એ ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળને ઓળંગી ગયો! કૃષ્ણનું જીવંત અસ્તિત્વ નહોતું, ત્યારે પણ એણે દ્વાપર સુધીનું વિચરણ કર્યું! અને આજ પર્યંત એનાં પદથી આપણે પણ એ ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકીએ છીએ, એટલે કે દ્વાપર સુધીની સફર કરી શકીએ! તો નરસિંહ તો એક એવી અમર ચેતના છે, જે કૃષ્ણ પ્રેમીનાં હૃદયમાં આજે પણ ધબકે છે, અને આવતીકાલે પણ ધબકશે! ફરી મારી વાત કરું તો ઈષ્ટ દેવ હાટકેશ્વર હોવાથી નાનપણથી શિવશક્તિની પૂજા અર્ચના ઘરમાં થતી,અને પપ્પા મમ્મી ને મહાદેવ પ્રિય, પણ માનસ રુખડ વખતે ગિરનારની તળેટીમાં રહેવાનું થયું,અને એ ચેતના એ હૃદયમાં એવો કબજો કર્યો!,અને પછી જ કૃષ્ણને ખરેખર જાણ્યો એમ કહી શકાય! તો નરસિંહ એ કેવળ નામ નથી, કે શરીર નથી, એ તો આજ સુધી આપણાં સૌના હૃદયને પવિત્ર કરનારી શુદ્ધને અમર ચેતના છે.

હિન્દુ સંસ્કૃતિની આવી તો કેટલીય ચેતનાઓ આજે પણ આપણા સૌમાં ઈશ્વર પ્રત્યેનો અલખ જગાવે છે, અને એટલે જ તો આપણે ભક્તિને નામે કંઈને કંઈ નાની મોટી અનુભૂતિઓ પ્રાપ્ત કરી લેતા હોઈએ છીએ. કૃષ્ણ તો કૃષ્ણ છે! એનું નામ, એનું રૂપ, એનું સ્વરૂપ અપરંપાર છે, પણ એને જાણવા માટે નરસિંહના શબ્દો રુપી દેહની આપણને જરૂર પડશે! નરસિંહનાં પદનું નિત્ય ગાન કરવાથી, આપણામાં સુધારો આપણે પોતે મહેસુસ કરી શકીએ એટલી હદે થાય છે, અને આમ જ જન જાગરણ થઈ શકે! બાકી હું તો સુધરેલ છું, બીજા સુધરે એમ વિચારવાથી કંઈ પરિણામ નહીં મળે. બસ એટલે જ એમણે ખુદ ને અંતિમ સમય સુધી જાગતા રાખવા જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે!! એ પદ લખ્યું અંતર આત્મા જગાડ્યા વિના કંઈ થાય નહીં! એટલે કે આત્મતત્વનો અનુભવ જ અધ્યાત્મનું પ્રથમ સોપાન છે, આપણે સૌ નરસિંહના આધ્યાત્મિકતાથી કે ભક્તિરસથી ભરપૂર પદ ને જીવનમાં આત્મસાત કરી, એમની જેમ ભક્તિની પરાકાષ્ઠા સુધી પહોંચી શકીએ, એવી એક વિચારધારા વ્યક્તિગત પારિવારિક અને સામાજિક જીવન સુધારી શકશે! એવી એક આશા સાથે તેને કોટી કોટી વંદન કરી વિરમું છું.


# જે જ્ઞાન ગુરુકૃપાથી મળેલું હોતું નથી તે જ્ઞાનમાં વિવેક આવતો નથી, ઊલટું તેમાં અભિમાન આવે છે



વિશેષ


યશપાલસિંહ ટી. વાઘેલા

જીવને પરમાત્મા પર પ્રેમ નથી, પણ પરમાત્મા તો જીવ ઉપર પ્રેમનો વરસાદ વરસાવે છે. આ જીવ લાયક નથી હોતો, છતાં પરમાત્મા તેને પૈસો અને પ્રતિષ્ઠા આપે છે. જીવ દુષ્ટ છે, છતાં પરમાત્મા દયાળુ છે. આપણા પાપના પ્રમાણમાં ભગવાન આપણને બહુ ઓછી સજા કરે છે. મનુષ્ય આંખ અને મનથી વારંવાર પાપ કરે છે.તે બધાં પાપની એ ભગવાન સજા કરે તો મનુષ્યને પીવા માટે પાણી પણ ન મળે, છતાં દુઃખની વાત એ છે કે, એવા પરમાત્મા ઉપર જીવ પ્રેમ કરતા નથી. હું ઈશ્વરને માનતો નથી. શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે,ઉદ્ધવ, યશોદાનો પ્રેમ મને મથુરામાં મળતો નથી. હું ન ખાઉં ત્યાં સુધી મારી મા ખાતી ન હતી. અહીં તો મારા માટે છપ્પન ભોગ બનાવે છે, પરંતુ દરવાજો બંધ કરીને કહે છે કે, એકલા એકલા આરોગજો. હું તેમ આરોગતો નથી.મને એવી ટેવ નથી ઉદ્ધવ, ગોકુળ છોડીને મથુરામાં આવ્યા પછી મારા ભોગ સરી ગયા છે. મને કોઈ પ્રેમથી ન મનાવે ત્યાં સુધી હું ખાતો નથી. હજાર વખત મને મનાવે ત્યારે એક કોળિયો હું ખાઉં છું. એટલે જ્યારે હું અહીં ભોજન કરવા બેસું છું ત્યારે મારી મા મને યાદ આવે છે. ઉદ્ધવ,હું છપ્પન ભોગનો ભૂખ્યો નથી, પ્રેમનો ભૂખ્યો છું. ગોકુળમાં જે આનંદ હતો તે મથુરામાં નથી. ઉદ્ધવ, મને વ્રજવાસીઓ યાદ આવે છે.હું વ્રજને ભૂલી શકતો નથી. મારી મા,મારી ગોપીઓ,મારી ગાયો સર્વને છોડીને હું આવ્યો છું. મારી એ ગોપીઓ મને યાદ કરતી હશે. મારી ગાયો દુઃખી હશે. ઉદ્ધવ મને વ્રજ વારંવાર યાદ આવે છે. ઉદ્ધવ જ્ઞાની છે પણ પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા કેવો છે તે જાણતા નથી. જે જ્ઞાન ગુરુકૃપથી મળેલું હોતું નથી તે જ્ઞાનમાં વિવેક આવતો નથી,ઊલટું તેમાં અભિમાન આવે છે. ઉદ્ધવનું જ્ઞાન આ પ્રકારનું હતું તેથી ઉદ્ધવ ભગવાનને ઉપદેશ આપવા બેસી જાય છે. ભણેલો ખરોને! ઉદ્ધવ કહે છે, આપ નાના હતા ત્યારે વ્રજબાળકો સાથે રમ્યાં તે થોભ્યું, પરંતુ હવે તો તમે મથુરાના રાજા થયા છો. હવે ગામડાના ગોવાળો સાથે રમવાનો વિચાર કરો તે તમને શોભે નહીં. વ્રજવાસીઓને અને એ ગોકુળને ભૂલી જશો તો જ મથુરાની રાજ સંપત્તિમાં આપને આનંદ મળશે, તો જ મથુરાના ઐશ્વર્યમાં તમને સુખ મળશે. જ્ઞાનાભિમાનને કારણે ઉદ્ધવને ભાન નથી કે તે કોને ઉપદેશ આપે છે.



પ્રભુએ કહ્યું, ઉદ્ધવ, તું મને વ્રજને ભૂલવાનો ઉપદેશ કરે છે, પણ તું જાણતો નથી કે હું સર્વને ભૂલી શકું પણ વ્રજને,વ્રજવાસીઓને ભૂલી શકતો નથી. એમને ભૂલવાનો પ્રયત્ન કરું તો પણ તેમાં મને સફળતા મળતી નથી. વ્રજવાસીઓ મને બહુ યાદ કરે છે એટલે હું તેમને યાદ કરું છું. એક ઉપાય છે. વ્રજવાસીઓ મને ભૂલે એવો ઉપદેશ તું એમને કરે તો તેઓ મને ભૂલે ને હું તેમને ભૂલું.

આ કામ એક તારાથી જ બને એવું છે ઉદ્ધવ! તું સમજુ છે, જ્ઞાની-બુદ્ધિમાન છે. તું વ્રજમાં જા અને વ્રજવાસીઓને સમજાવ કે એ લોકો મને ભૂલી જાય! વ્રજવાસીઓ મને ભૂલી જાય તો તેમને ભૂલી શકું એ નક્કી છે. તેઓ મને ભૂલે નહીં, ત્યાં સુધી હું તેમને ભૂલી શકતો નથી. તેમણે મારા માટે સંસારનાં સર્વ સુખોનો ત્યાગ કર્યો છે. તેઓ મારા માટે જીવે છે. મેં તેઓને કહેલું કે, હું આવીશ, એટલે મારી પ્રતીક્ષામાં તેઓએ પ્રાણ ટકાવી રાખ્યા છે. તું તેમને એવો ઉપદેશ કર કે તેઓ મને ભૂલી જાય અને હું તેમને ભૂલી શકું. મોહ એકદેશીય છે પણ પ્રેમ અન્યોન્ય છે, તેથી હું આટલું કામ સોંપ ું છું. તું જઈને તેઓને ઉપદેશ કર!ભક્તિ વિનાનું જ્ઞાન જ્યાં હોય છે, ત્યાં વધારે બોલવાની કુટેવ પડે છે.તેવા જ્ઞાની માં વાચાળતા આવે છે.જ્ઞાનભક્તિ સાથે આવે છે તો તેમાં મૌન રહી અધ્યયન કરવાની ઈચ્છા થાય છે.ઉદ્ધવનું જ્ઞાન ભક્તિ વગરનું હતું. તેથી ઉદ્ધવને કહ્યું,મને વ્રજ માં મોકલો છો તેના કરતાં તમે એમને પત્ર લખતા હો તો તમે લખો. એટલે એ લોકો પણ લખશે. પત્રથી બેઉને મિલન જેવો આનંદ પ્રાપ્ત થશે.પ્રેમ તત્ત્વનું રહસ્ય ઉદ્ધવ હજુ જાણતા નથી,એટલે પત્ર લખવાનું કહે છે. પ્રેમનો સંદેશોપત્રથી મોકલી શકાતો નથી.તે તો હૃદયથી પહોંચાડવામાં આવે છે. ઉદ્ધવ હજી નથી જાણતા કે અહીં તો ગોપી શ્રીકૃષ્ણ છે અને શ્રીકૃષ્ણ ગોપી છે ગોપી-શ્રીકૃષ્ણ એક જ છે. ઉદ્ધવ આ જાણતા નથી. જ્ઞાનીને ભક્તહૃદયની શું ખબર પડે? પ્રભુએ કહ્યું, ઉદ્ધવ, પત્ર લખવાનો મેં અનેક વખત પ્રયત્ન કર્યો પરંતુ પત્રમાં કેમ લખવું તે જ મને સૂઝતું નથી. મારી માને પત્રથી હું કેવી રીતે સમજાવું? મારું મોં નિહાળે તો જ તેને શાંતિ મળે.હું તેની ગોદ માં બેસું તો જ તે રાજી થાય. મને તે આરોગાવે તો જ તેને કરાર વળે આમાંનું પત્રથી શું બને? શ્રીકૃષ્ણ કહે છે, ઉદ્ધવ, કેટલીય વખત યશોદામાને પત્ર લખવા વિચાર કરું છું. લખવા યે બેસું છું. પણ કાગળમાં યશોદામાનું નામ લખું ત્યાં હૃદય ભરાઈ આવે છે અને થાય છે કે, કાગળ લખું તો માને વધારે દુઃખ થશે. કહશે કે કનૈયા આવતો નથી અને પત્રથી સમજાવે છે. આ વિચારમાં ને વિચારમાં કાગળમાં યશોદા યશોદા લખ્યા કરું છું. આગળ કાંઈ લખાતું નથી. ઉદ્ધવ, આ પ્રમાણે મેં અનેક વખત પ્રયત્ન કર્યો, પણ પત્રમાં શું લખવું તે સમજ પડતી નથી. મને એવું લાગે છે કે, સાચા પ્રેમનો સંદેશો પત્રમાં લખી શકાય જ નહીં. તે તો મનથી જ પહોંચાડવામાં આવે છે. તમે વૃંદાવનમાં જાઓ! તમે જ્ઞાની છો,બુદ્ધિશાળી છો.તમારા જ્ઞાનનો ઉપદેશ ગોપીઓને આપજો કે જેથી તેઓ મને ભૂલે અને ડાહી બને. ઉદ્ધવ, તમે ત્યાં જશો એટલે મારાં માતાપિતાને પણ શાંતિ મળશે. ઉદ્ધવ, વ્રજમાં જઈને કહેજો, અહીં મથુરામાં અમને કોઈ વાતે ખોટ નથી. સંસારના બધા વૈષ્ણવો હાજર છે, તો યે મને ગોઠતું નથી. અહીં વ્રજ વાસીઓ જોવા નથી મળતા એટલે હૈયું હરખાતું નથી. ઉદ્ધવને લાગ્યું કે, હું જ્ઞાની છું એટલે મને વ્રજમાં મોકલે છે. ઉદ્ધવને જ્ઞાન હતું પણ જ્ઞાન સાથે અભિમાન હતું. તેથી ઉદ્ધવ કહે છે, મહારાજ,હું ત્યાં જવા તૈયાર છું, પણ ગામડાંમાં રહેનારા એ અભણ લોકો,ગામડાંની એ અભણ ગોપીઓ મારું વેદાંતનું તત્ત્વજ્ઞાન કેવી રીતે સમજી શકશે? મારો તત્ત્વજ્ઞાન ઉપદેશ સમજવો ઘણો કઠણ છે,એટલે હું ત્યાં જાઉં તેનો કશો અર્થ નથી. આ ઉદ્ધવ બોલ્યા નથી. ઉદ્ધવનું અભિમાન બોલે છે. ઉદ્ધવને અભિમાન હતું કે, હું બૃહસ્પતિનો શિષ્ય છું. વેદાંતનો આચાર્ય છું. શ્રીકૃષ્ણથી ઉદ્ધવનાં આ વચનો સહન ન થયાં. તેઓ ઉદ્ધવને કહેવા લાગ્યા, ઉદ્ધવ! મારી ગોપીઓને તું અભણ ન કહે! ગોપીઓ જ્ઞાનથી પર છે. વધારે ભણેલી નથી,પણ શુદ્ધ પ્રેમ કેવી રીતે કરવો તે ગોપી ઓ જ જાણે છે. એટલે તો તેઓ મને પ્રાપ્ત કરી શકી છે. ઉદ્ધવ, તને વધુ શું કહું? તેઓ તો મારામય બની ગયેલી છે.તેમનું મન મારામાં છે, તે મારામાં છે અને મારી ખાતર તેમણે સગાંસંબંધી સર્વનો ત્યાગ કરેલો છે. તેઓ મદર્થે ત્યક્ત દૈહિકા છે.હું જ એમનું સર્વસ્વ છું. ઉદ્ધવ,તું ગોપીઓ મળે ત્યારે એમને વંદન કરજે. હે ઉદ્ધવ,ગોપીઓને જ્ઞાનની જરૂર છે માટે તારે ગોકુળ જવું પડશે. તારા વિના આ કાર્ય કોઈ કરી શકશે નહીં. શબ્દજ્ઞાની જલ્દી નમતો નથી.તેના હૈયામાં ઠસક હોય છે કે હું જ્ઞાની છું. અભિમાની કોઇને નમવા દેતં નથી. વિનય હોય ત્યાં બધા સદગુણો આવે છે અને અભિમાન હોય ત્યાં બધા દુર્ગુણો આવે છે. ભગવાન કહે છે કે ઉદ્ધવ, અભણ ગોપીઓને મળે ત્યારે તેમને વંદન કરજે! મારા ગોવાળ મિત્રોને કહેજે કે, શ્રીકૃષ્ણ તમને યાદ વિરહમાં રડે નહીં. કરે છે અને મારી માને સમજાવજે કે , મારા ભગવાન જાણતા હતા કે, ઉદ્ધવ ત્યાં ગોપી ઓને નહીં કહે તો તેનું કલ્યાણ નહીં થાય. નમે નહીં તે ભગવાનને ગમે નહીં.ઉદ્ધવ ને જવા ની ઈચ્છા ન હતી. છતાં પ્રભુ એ આગ્રહ કર્યો એટલે ઉદ્ધવ જવા તૈયાર થયા.કહે, ભલે, તો હું ત્યાં જઈશ.એને યશોદાને,નંદ બાબાને અને ગોપી ઓને બોધ કરીશ. શ્રીકૃષ્ણ ઉદ્ધવને આખી રાત આ પ્રમાણે બોધ આપ્યો છે. પ્રાતઃકાળમાં ઉદ્ધવ તૈયાર થઈને આવ્યા. શ્રીકૃષ્ણે પોતાનું પિતાંબર તથા વૈજયંતીમાળા ઉદ્ધવને આપી કહ્યું, તું જ્યારે સખીઓને મળવા જાય છે ત્યારે આ પ્રસાદી પિતાંબર પહેરીને જજે. મારી ગોપી ઓ પરપુરુષને નિહાળતી નથી. કોઈ પુરુષ સાથે બોલતી નથી. તેઓ આ પિતાંબર જોશે એટલે તેમને ખાતરી થશે કે, તું મારો છે. તેઓ માનશે આ મારા શ્યામ સુંદરનો લાડીલો સેવક છે. અંતરંગનો સખો છે. તેવી ખાતરી થશે ત્યારે જ ગોપીઓ તારી સાથે બોલશે. માટે ઉદ્ધવ, આ પ્રસાદી પિતાંબર પહેરીને સખીઓને મળવા જજે, વૈજયંતીમાળા પહેરી ને ત્યાં જજે! રથ ચાલવા માંડયો ત્યારે ફરી પ્રભુએ ઉદ્ધવને કહ્યું, ઉદ્ધવ,નંદબાબાને આશ્વાસન આપજે. ઉદ્ધવ,મારી માને કહેજે તમારો કનૈયો આવશે. આટલું બોલતાં એમની આંખોમાંથી આંસુ વહી ચાલ્યાં.



# ઋત્વિકની Ex પત્ની સુઝૈને સેલિબ્રેટ કર્યો બોયફ્રેન્ડ અર્સલાનનો બર્થ-ડે

। મુંબઈ, તા.૨૨ ।

ગઈકાલે ઋત્વિક રોશનની પૂર્વ પત્ની સુઝૈન ખાને તેના બોયફ્રેન્ડ અર્સલાન ગોનીનો જન્મદિવસ તેના ઘરે ઉજવ્યો હતો. આ ફંક્શનમાં અનેક સેલેબ્સ સામેલ થયા હતા. ઋત્વિક રોશનની પૂર્વ પત્ની સુઝૈન ખાન અર્સલાન ગોનીને ડેટ કરી રહી છે. ગઈકાલે સુઝૈને તેના બોયફ્રેન્ડના જન્મદિવસ પર એક ભવ્ય પાર્ટીનું આયોજન કર્યું હતું. અર્સલાન ગોનીના જન્મદિવસની ઉજવણીમાં બોલિવૂડ અને ટીવી ઈન્ડસ્ટ્રીના ઘણા સેલેબ્સ હાજર રહ્યા હતા. સોનલ ચૌહાણે સુઝૈન ખાનના બોયફ્રેન્ડ અર્સલાનની બર્થડે પાર્ટીમાં પણ હાજરી આપી હતી. આ દરમિયાન સોનલે બ્લૂ કલરનો શોર્ટ ડ્રેસ પહેર્યો હતો અને તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. અર્સલાન ગોનીની બર્થડે પાર્ટીમાં મીઝાન જાફરી પણ સામેલ થયો હતો. મીઝાને બ્લેક ટી અને ગ્રે જીન્સ



પહેર્યું હતું અને તે એકદમ હેન્ડસમ લાગી રહી હતી. સુઝૈન ખાનના બોયફ્રેન્ડના જન્મદિવસની ઉજવણીમાં ટીવી ક્વીન એકતા કપૂરે પણ હાજરી આપી હતી. અમિતાભ બચ્ચનની દીકરી શ્વેતા બચ્ચન પણ ગોનીની બર્થડે પાર્ટીમાં જોવા મળી હતી. બોલિવૂડના બીજા ઘણા સેલેબ્સે પણ ગોનીની પાર્ટીમાં પહોંચીને ખૂબ જ મસ્તી કરી હતી.




# રૂમર્ડ બોયફ્રેન્ડ સિદ્ધાંતને સપોર્ટ કરવા પહોંચી નવ્યા નંદા

। મુંબઈ, તા.૨૨ ।

અભિનેતા સિદ્ધાંત ચતુર્વેદી અને અભિનેત્રી અનન્યા પાંડે ટૂંક સમયમાં ફિલ્મ 'ખો ગયે હમ કહાં'માં જોવા મળશે. જેનું સ્ક્રીનિંગ આજે મુંબઈમાં રાખવામાં આવ્યું હતું. અનન્યા પાંડે ફિલ્મ 'ખો ગયે હમ કહાં'માં અભિનેતા સિદ્ધાંત ચતુર્વેદી સાથે રોમાન્સ કરતી જોવા મળશે. જે ૨૬ ડિસેમ્બરે ઓ્રીકફ્લૈટ પર સ્ટ્રીમ થશે. રિલીઝ પહેલા મુંબઈમાં ફિલ્મની સ્ક્રીનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનન્યા અને સિદ્ધાંત પોતાના કોસ્ટાર સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા. અનન્યા પાંડે તેની ફિલ્મની સ્ક્રીનિંગમાં શાનદાર લાગી રહી હતી. તેણે ક્રોપ ટોપ સાથે બ્લુ ડેનિમ પહેર્યું હતું. ફિલ્મના સ્ક્રિનિંગ સમયે અમિતાભ બચ્ચનની પૌત્રી નવ્યા નવેલી નંદા પણ તેના રૂમર્ડ બોયફ્રેન્ડ સિદ્ધાંત ચતુર્વેદીને સપોર્ટ કરવા પહોંચી હતી. આ સિવાય અભિનેત્રી જન્નત ઝુબૈરે પણ આ સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી. જે આ દરમિયાન એકદમ કેઝ્યુઅલ લુકમાં જોવા મળી હતી. અભિનેતા નિખિલ દ્વિવેદી પણ 'ખો ગયે હમ કહાં'ની સ્ક્રીનિંગમાં જોવા મળ્યો હતો.

# કર્ણિકે સિદ્ધાર્થ ફિલ્મ માટે પૂર્વજોની જમીન વેચી દીધી

**રણબીર કપૂર સ્ટારર 'એનિમલ' તેમની ત્રીજી ફિલ્મ છે, જે બ્લોકબસ્ટર રહી હતી, આ ફિલ્મ ૧ ડિસેમ્બરના રોજ રીલિઝ થઈ હતી**



। મુંબઈ, તા.૨૨ ।

રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ'માં સપોર્ટિંગ રોલમાં જોવા મળેલા સિદ્ધાંત કર્ણિકે કહ્યું કે ઘણા લોકોએ સંદીપ રેડ્ડી વાંગાની સંવેદનશીલતા પર સવાલ ઉઠાવ્યા હતા, પરંતુ તેમના સંઘર્ષ વિશે બહુ ઓછા લોકો જાણે છે. સિદ્ધાંત કર્ણિકે 'એનિમલ'માં વિલનની ભૂમિકા ભજવી છે. તેણે દિગ્દર્શકના જીવન સાથે જોડાયેલા અજાણ્યા પાસા જણાવ્યા અને કહ્યું કે કોઈપણ તેમની કળા પર સવાલ ઉઠાવી શકે નહીં. સિદ્ધાંત કર્ણિકે સિદ્ધાર્થ કન્નનને આપેલા ઈન્ટરવ્યૂમાં 'એનિમલ' પરના આરોપો વિશે વાત કરી અને સમજાવ્યું કે ફિલ્મ મુખ્ય પાત્રના ખરાબ વર્તનને વખાણતી નથી. તેમણે કહ્યું કે લોકોએ તેમના અંગત જીવન અને તેમના પરિવારના બલિદાન વિશે જાણવું જોઈએ, જેમણે ડિરેક્ટરને ટેકો આપવા માટે ૩૬ એકર જમીન પર ફેલાયેલા તેમના કેરીના બગીચાને વેચી દીધું હતું. સિદ્ધાંત કર્ણિકે સંદીપ રેડ્ડી વાંગા વિશે કહ્યું, 'તેમના ભાઈએ કહ્યું કે જ્યારે તેમણે ફિલ્મ નિર્માણમાં કારકિર્દીની શરૂઆત કરી ત્યારે તેમને ડિરેક્ટર તરીકે નોકરી નહોતી મળી રહી. તેમણે મિત્રો સાથે મળીને એક કંપની બનાવી, પરંતુ ફિલ્મનું શૂટિંગ શરૂ થાય તે પહેલાં ફાઈનાન્સર પીછેહઠ કરી ગયો. તેમની પાસે ૧.૬ કરોડ રૂપિયા ઓછા હતા. સંદીપના પરિવારે ભેગા થઈને ૩૬ એકરમાં ફેલાયેલી તેમની પૂર્વજોની જમીન વેચીને ભંડોળ પૂરું પાડ્યું.

મારા પૈસાનું રોકાણ કરવાની મારામાં હિંમત નથી. સંદીપ પોતાના પરિવારની મદદથી પોતાની ડેબ્યૂ ફિલ્મ 'અર્જુન રેડ્ડી' બનાવવામાં સફળ રહ્યો હતો. આ ફિલ્મ હિટ રહી હતી, જેનું વૈશ્વિક કલેક્શન લગભગ રૂ. ૫૧ કરોડ હતું. ત્યારબાદ સંદીપ રેડ્ડી વાંગાએ 'કબીર સિંહ' બનાવી, જે તેની પ્રથમ ફિલ્મ 'અર્જુન રેડ્ડી'ની રિમેક હતી, જે શાહિદ કપૂરની કારકિર્દીની શ્રેષ્ઠ ફિલ્મ સાબિત થઈ હતી. ૫૫ કરોડમાં બનેલી આ ફિલ્મે વૈશ્વિક બોક્સ ઓફિસ પર ૩૭૭ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. રણબીર કપૂર સ્ટારર 'એનિમલ' તેમની ત્રીજી ફિલ્મ છે, જે બ્લોકબસ્ટર રહી હતી. આ ફિલ્મ ૧ ડિસેમ્બરના રોજ રીલિઝ થઈ હતી, જેણે ૧૯ દિવસમાં વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ પરથી રૂ. ૮૩૫ કરોડથી વધુનો બિઝનેસ કર્યો છે. 'એનિમલ', 'પઠાણ' અને 'જવાન' પછી, આ વર્ષ ૨૦૨૩ની ત્રીજી ફિલ્મ છે, જેણે વૈશ્વિક બોક્સ ઓફિસ પર સૌથી વધુ કમાણી કરી છે. સંદીપ રેડ્ડી વાંગાની પ્રથમ ૩ ફિલ્મો સફળ રહી હતી. ત્રણેએ મળીને બોક્સ ઓફિસ પર ૧૨૬૭ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કર્યો હતો. સિદ્ધાંત કર્ણિકે તેમની આગામી ફિલ્મો વિશે જણાવ્યું, 'તેની આગામી ફિલ્મ પ્રભાસ સાથે છે. તમે તેનું અત્યાર સુધીનું કામ જુઓ. તેમની કળાને જજ કરવી યોગ્ય છે, પરંતુ તેમના જીવન અને કારકિર્દી પર નજર કરો. આ માટે હિંમતની જરૂર છે.

# ભારતના ટાઈગરને આખું વર્ષ શોધતું રહ્યુ પાકિસ્તાન



। મુંબઈ, તા.૨૨ ।

વર્ષ ૨૦૨૩ તેના અંતિમ તબક્કામાં છે. નવા વર્ષ પહેલા દર વર્ષની જેમ આ વર્ષે પણ સર્ચ એન્જિન ગૂગલે સૌથી વધુ સર્ચ થયેલી વસ્તુઓની યાદી બહાર પાડી છે. ગૂગલે વિવિધ દેશોમાં સૌથી વધુ સર્ચ કરાયેલા વિષયોની યાદી બહાર પાડી છે. જેમાં ભારતના ટાઈગરને પાકિસ્તાનમાં જાહેર કરવામાં આવેલા ટોપ ૧૦ ક્રિકેટર્સ અને મીડિયા સેન્સેશન્સની યાદીમાં પણ સ્થાન મળ્યું છે. કોણ છે આ ભારતીય ટાઈગર જેને પાકિસ્તાનમાં આટલું બધું સર્ચ કરવામાં આવ્યું છે? ચાલો જાણીએ સંપૂર્ણ સમાચાર. ભારતીય એક્ટર જેકી શ્રોફનો એકમાત્ર પુત્ર ટાઈગર શ્રોફ બોલિવૂડમાં પોતાનું એક નામ બનાવી ચુક્યો છે. આ વખતે તેને પાકિસ્તાનમાં ખૂબ જ સર્ચ કરવામાં આવ્યું છે. જોકે, ટાઈગર શ્રોફની આ વર્ષે કોઈ મોટી ફિલ્મ નથી આવી. પરંતુ, તેમ છતાં તે પાકિસ્તાનમાં ગૂગલ દ્વારા રજૂ કરવામાં આવેલી મોસ્ટ સર્ચ લિસ્ટમાં ટોપ ૧૦માં સામેલ હતાં. ટાઈગર શ્રોફની આ વર્ષે એક ફિલ્મ આવી હતી 'ગણપત'. તે પણ ફ્લોપ રહી હતી. ભલે જ ટાઈગરની ફિલ્મ ફ્લોપ રહી હોય પરંતુ, પાકિસ્તાનમાં હિટ રહી હતી.

# સુપર ક્યૂટ અંદાજમાં મસ્તી કરતી જોવા મળી અક્ષયની દીકરી



। મુંબઈ, તા.૨૨ ।

અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્ના એક ક્યૂટ કપલની જોડી છે. અક્ષય કુમારની ચર્ચા સામાન્ય રીતે એના ફિલ્મને લઈને થતી હોય છે, જ્યારે ટ્વિંકલની ચર્ચા સોશિયલ મિડીયા પ્રેસેન્સને લઈને થાય છે. જો કે આ બન્ને જોડી ફેન્સને ખૂબ પસંદ પડે છે. પરંતુ હાલમાં કપલ નહીં, એમની દીકરી આ દિવસોમાં ચર્ચામાં છે. અક્ષય કુમારની દીકરી સ્માર્ટનેસમાં બધા સ્ટાર કિડ્સને પાછા પાડે છે. નાજુક નમણો ચહેરો જોઈને ફેન્સ ફિદા થઈ ગયા છે. જો કે હાલમાં અક્ષય કુમારની દીકરી નિતારાનો એક વિડીયો સામે આવ્યો છે. આ વિડીયો હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. અક્ષય કુમાર એની ફેમિલીને લઈને ઘણી પ્રોટેક્ટિવ છે. દીકરીના જન્મ પછી અનેક વર્ષ સુધી ચહેરો જોવા મળ્યો હતો નહીં. જો કે હવે દીકરીનો ચહેરો છુપાવવાનું બંધ કરી દીધુ છે. હાલમાં અક્ષય કુમારની દીકરી નિતારા મસ્તી કરતા જોવા મળી. અક્ષય કુમારની દીકરી નિતારાનો આ વિડીયો જોઈને તમે ખુશ થઈ જશો. નિતારાનો ક્યૂટ વિડીયો જોઈને લોકો જાતજાતના રિએક્શન આપી રહ્યા છે. વિડીયો જોયા પછી ફેન્સ સોશિયલ મિડીયામાં જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. લોકો કહી રહ્યા છે મમ્મી ટ્વિંકલ અને અક્ષય કુમારની મિક્સ કરી છે. જ્યારે કેટલાકે સુપર ક્યૂટ કહીને રિએક્શન આપ્યુ છે. એકે તો કોમેન્ટ્સમાં લખ્યુ છે કે કેટલી મોટી ગઈ છે અને કેટલી સ્માર્ટ છે. જ્યારે અને લોકોએ એવું કહ્યું હતુ કે નિતારાની કમ્પેર મમ્મી-પપ્પા સાથે કરવામાં આવે છે. બીજા એક યુઝર્સે લખ્યુ છે કે બિલકુલ ટ્વિંકલ પર ગઈ છે, જ્યારે કોઈએ પપ્પા અક્ષયની સાથે કમ્પેર કરી છે. તમને જણાવી દઈએ કે અક્ષય કુમાર મિશન રાનીગંજમાં જોવા મળ્યો હતો. આ વર્ષે અક્ષય કુમારની ત્રણ મોટી ફિલ્મો રિલીઝ થઈ. આમાં સેલ્ફી અને ઓહ માય ગોડ ૨ શામેલ છે. જો કે સેલ્ફી કંઈ ખાસ કમાલ કરી શકી નહીં. ઓએમજી ૨ ફિલ્મને ફેન્સનો અઢળક પ્રેમ મળ્યો. વાત રાનીગંજની કરવામાં આવે તો આ ફિલ્મમાં અક્ષય કુમારના કામ ક્રિટિક્સને ખૂબ પંસદ કરવામાં આવ્યા હતા. ફિલ્મ બોક્સ ઓફિસ પર કમાલ કરી શકી નહીં, પરંતુ ફિલ્મની કહાની મસ્ત હતી. જલદી અક્ષય કુમાર વેલકમ ટૂ જંગર અને હેરા ફેરી ૩માં જોવા મળશે.

# તાપસી પન્નુ લંડનના રસ્તાઓ પર સ્ટેચ્યૂ બનીને ઊભી રહી

**અભિનેત્રીએ કહ્યું કે, તમને જણાવી દઈએ કે આ ફોટામાં જે સ્ટેચ્યૂ દેખાય છે, તે હું છું. મને તૈયાર કરીને ત્યાંના સર્કિટમાં ઊભી રાખવામાં આવી હતી**










। મુંબઈ, તા.૨૨ ।

તાપસી પન્નુ માત્ર સાઉથ સિનેમામાં જ નહીં પરંતુ બોલિવૂડના દર્શકોમાં પણ પોતાની છાપ છોડવામાં સફળ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેણે બેક ટુ બેક શ્રેષ્ઠ ફિલ્મોમાં કામ કર્યું અને લોકોને તેના કામથી ચાહકો બનાવ્યા. તાપસી હવે શાહરૂખ ખાન, વિકી કૌશલ અભિનીત 'ડંકી'માં જોવા મળશે. આ ફિલ્મમાં તાપસી એક પંજાબી યુવતીની ભૂમિકામાં જોવા મળશે, જે કુશ્તીના દાવ-પેંચ પણ જાણે છે. હવે અભિનેત્રીએ તાજેતરમાં જ ફિલ્મમાં તેના રોલ વિશે ખુલીને વાત કરી અને તેની સાથે તેણે ફિલ્મ સાથે જોડાયેલા તેના અનુભવો પણ શેર કર્યા. આ સિવાય તાપસીએ પોતાની સાથે જોડાયેલી એક રસપ્રદ ઘટના પણ જણાવી. ફિલ્મની પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન તાપસીની એક તસવીર બતાવવામાં આવે છે. આ તસવીરમાં તાપસી પન્નુ લંડનના રસ્તાઓ પર સ્ટેચ્યૂ બનીને ઊભી છે. તાપસીએ ફોટો જોતાની સાથે જ તેને તેની સાથે જોડાયેલી એક ફની સ્ટોરી યાદ આવી, જે તેણે શેર કરી. તાપસી કહે છે કે આ તસવીર સાથે જોડાયેલી એક ખૂબ જ યાદગાર ક્ષણ છે. જેના વિશે તે જણાવવા માંગે છે અને તેણે આ વાત કહેતાની સાથે જ અભિનેત્રીએ આ તસવીર સાથે જોડાયેલી એક ફની સ્ટોરી કહેવાનું શરૂ કર્યું. અભિનેત્રીએ કહ્યું કે, તમને જણાવી દઈએ કે આ ફોટામાં જે સ્ટેચ્યૂ દેખાય છે, તે હું છું. મને તૈયાર કરીને ત્યાંના સર્કિટમાં ઊભી રાખવામાં આવી હતી. તસવીરમાં હું એક પેટીની ઉપર ઊભી છું અને આ દરમિયાન તે બોક્સ ખુલ્લું રાખવામાં આવ્યું હતું, જેથી મને પૈસા મળતા રહે. હું ત્યાં જીવંત પ્રતિમાની જેમ ઊભી હતી. કેમેરો રોલ થઈ રહ્યો હતો, પરંતુ ત્યાંથી પસાર થતા લોકોને ખબર ન હતી કે અહીં શૂટિંગ ચાલી રહ્યું છે. લોકોને લાગ્યું કે હું ભિખારી છું અને તેઓ ખરેખર આવીને પૈસા આપવા લાગ્યા. તાપસીએ આગળ કહ્યું- 'કારણ કે, અમે બધા ડરી ગયા હતા કે જો લોકોને ખબર પડી કે અહીં શૂટિંગ ચાલી રહ્યું છે, તો તેઓ ડરી જશે અથવા ભીડ એકઠી થઈ જશે. તેથી તેના વિશે કોઈને કહેવામાં આવ્યું ન હતું. મતલબ કે અહીં શૂટિંગ થઈ રહ્યું છે તેની કોઈને જાણ નહોતી. મને લાગે છે કે મેં તે દિવસે થોડા પાઉન્ડ કમાવ્યા હતા.'

### ૨૬૧ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ, ૧૭૯ લાભાર્થીઓને પીએમ ઉજ્જવલા યોજના, ૨૯૬ લાભાર્થીઓને આધાર કાર્ડની માહિતી/લાભો વિતરણ કરાયા

## અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના શાહપુર વોર્ડ ખાતે યોજાયેલા વિકસિત ભારત કાર્યક્રમમાં લાભાર્થીઓના દ્વારે પહોંચી સરકારી યોજનાઓ



। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત ૨૧ ડિસેમ્બરે શાહપુર વોર્ડ ખાતે બે કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સવારે ભવનશિંગ પાર્ટી પ્લોટ ખાતે અને બપોર બાદ લીમડાચોક, દિલ્હી દરવાજા પાસે કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમોમાં લગભગ ૪૦૯૧ જેટલા નગરજનોએ ભાગ લીધો હતો. બે કાર્યક્રમો અંતર્ગત ૧૫૫૪ લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના નો લાભ આપવામાં આવ્યો હતો તથા ૨૯૬ લાભાર્થીઓને આધાર કાર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા. સાથે જ ૨૬૧ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ, ૧૭૯ લાભાર્થીઓને પીએમ ઉજ્જવલા યોજના અંતર્ગત લાભો વિતરણ કરાયા હતા/યોજનાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી. વિવિધ યોજનાઓના લાભાર્થીઓ દ્વારા પોતે મેળવેલ યોજનાઓના લાભ વિશેના તેમના અનુભવો 'મેરી કહાની, મેરી જુબાની' દ્વારા જણાવવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત યોજાયેલા આરોગ્ય મેળામાં ૨૧૭૦ જેટલા લાભાર્થીઓએ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો.

કાર્યક્રમમાં ખેલો ઈન્ડિયા અંતર્ગત ૧૯ રજીસ્ટ્રેશન થયા હતા. સાથે જ, ૩૧ લાભાર્થીઓને પીએમ મુદ્રા લોન, ૬૬ લાભાર્થીઓને પીએમ વિશ્વકર્મા યોજના માટે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા/ લાભો એનાયત કરવામાં આવ્યાં હતા.

આ કાર્યક્રમોમાં મ્યુનિ. કાઉન્સિલરશ્રી આરતીબેન પંચાલ, મ્યુનિ.કાઉન્સિલરશ્રી પ્રદીપભાઈ આગજા સહિત ડે. મ્યુનિ. કમિશનરશ્રી(મધ્ય ઝોન), વિવિધ અ.મ્યુ.કો.ના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યાં હતા.

## ઝાલોદ નગરમાં ફૂડ સેફ્ટી અવેરનેસ કેમ્પ યોજાયો



પંકજ પંડિત
। ઝાલોદ, તા.૨૨ ।

ઝાલોદ નગરના અગ્રવાલ ગેસ્ટ હાઉસના એક હોલમાં ફૂડ એન્ડ સેફટી એવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ સવારે ૧૧:૩૦ વાગે યોજાયો હતો. આ કેમ્પમાં ઝાલોદ અને લીમડી નગરના અંદાજીત ૭૦ જેટલા વ્યાપારીઓ એ ભાગ લીધો હતો. દાહોદ જિલ્લાના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ઝાલોદ અને સાંજેલીમાં નાસ્તો, ફરસાણ હોટલના માલિકો સાથે એક મીટિંગ યોજવામાં આવી હતી. આ કેમ્પમાં ફૂડ સેફટી ટ્રેનિંગ એન્ડ સર્ટિફિકેટ અન્વયે ફૂડ સેફટી અવેરનેસ તેમજ વ્યાપારીઓમાં ફૂડ પ્રત્યે જાગૃતિ આવે તે માટે આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ઉપસ્થિત વ્યાપારીઓ મોટા પ્રમાણમાં ભાગ લીધો હતો.

## જીટીયુ અને ઈસરોના સંયુક્ત ઉપક્રમે છઠ્ઠી સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન

### પૂર્ણાહુતિ સમારંભમાં વિજેતાઓને મહાનુભાવો દ્વારા પારિતોષિક એનાયત કરાયા



। અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી અને ઈસરો, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે અમદાવાદના શિવાનંદ આશ્રમ ખાતે યોજાયેલી ૩૬ કલાકની સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન પ્રોબ્લેમ સોલ્વ સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન અંતર્ગત ૧૪ રાજયોમાંથી આવેલી ૪૬ જેટલી ટીમોમાં સામેલ ૧૯૯ ભાઈઓ અને ૭૬ બહેનો દ્વારા ૨૩૪ જેટલા પ્રશ્નોનું નિરાકરણ શોધવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

જ્યુરી દ્વારા પરિણામ જાહેર કરાયેલા પરિણામ મુજબ સ્પર્ધામાં ચેમ્પિયન તરીકે પ્રથમ ક્રમે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, દુર્ગાપુર, પશ્ચિમ બંગાળની ટીમ વિજેતા થઈ હતી. તેને સુવર્ણ ચંદ્રક સાથે રૂપિયા એક લાખનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. દ્વિતીય ક્રમે નોઈડા ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટૅકનોલોજી, ગ્રેટ નોઈડા, ઉત્તર પ્રદેશને રૂપિયા પંચોતેર હજારનું પારિતોષિક અને સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત થયું હતું. પૂના ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર ટેકનોલોજી, મહારાષ્ટ્રને રૂપિયા પચાસ હજારનું રોકડ પારિતોષિક અને સુવર્ણ ચંદ્રક એનાયત કરાયું હતું. રૂપિયા પચીસ હજારનું આશ્વાસન પારિતોષિક અને સુવર્ણ ચંદ્રક અનુક્રમે એમ. એસ. રમૈયા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, બેંગલુરુ અને એસ. આર. એમ. ઈન્સ્ટીટયુટ ઓફ સાઈન્સ અને ટેકનોલોજી, તામિલનાડુને આપવામાં આવ્યું હતું.

રૂપિયા વીસ હજારનું નારી શક્તિ પારિતોષિક માત્ર મહિલા ટીમ ધરાવતા વિવેકાનંદ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાઈન્સ મહિલા કોલેજ, તામિલનાડુએ પ્રાપ્ત કર્યું હતું અને રૂપિયા પાંચ હજારનો મોટિવેટેડ એવોર્ડ સિમ્બીઓસીસ યુનિવર્સિટી ઓફ એપ્લાઈડ સાઈન્સ, ઈન્દોર, મધ્યપ્રદેશને એનાયત થયો હતો.

પૂર્ણાહુતિ સમારંભમાં ઉપસ્થિત રહેલા ઈન સ્પેસ ટેકનિકલનાં ડાયરેક્ટર શ્રી રાજીવ જ્યોતિ, ઈસરોનાં ડાયરેક્ટર ડૉ. નીલેશ દેસાઈ, ગુજરાત ટેકનલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રાજુલ ગજ્જર, ઈસરોના ડૉ. ડી. કે. પટેલ, સુશ્રી સ્મિતા કેલકર, નીતિન દૂબે, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. કે. એન. ખેર અને શિવાનંદ આશ્રમના ટ્રસ્ટી ડૉ. અરૂણભાઈ ઓઝાનાં હસ્તે તમામ વિજેતાઓને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી અને ઈસરોનાં અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સમગ્ર સ્પર્ધાનું સુપેરે આયોજન કરવામાં આવ્યું હતું.

### પાસુંજ ગામના ૫૮૭ લોકોના આરોગ્યની અને ટીબીની તપાસ કરવામાં આવી

## ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું દસક્રોઈના પાસુંજ ગામ ખાતે આગમન

। અમદાવાદ, તા.૨૨ ।

ધારાસભ્ય શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના પાસુંજ ગામ ખાતે પહોંચ્યો હતો. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથ સમગ્ર ભારતભરમાં ફરીને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ વિશે લોકોને માહિતી પૂરી પાડી રહ્યાં છે. આ યોજનાઓના લાભ હેઠળ સમગ્ર દેશના તમામ જિલ્લા અને તાલુકાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

પાસુંજ ગામના કુલ ૭૧૯ લોકોની હાજરીમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સ્થળ પર હાજર ૫૮૭ લોકોના આરોગ્યની અને ટીબીની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત 'માય ભારત' હેઠળ ૧૭ સ્વયંસેવકોના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ લોકોને લાભ વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મહિલાઓ, વિદ્યાર્થીઓ, લોકલ રમતવીરો અને લોકલ કલાકારોને તેમના ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે એવોર્ડ આપ વામાં આવ્યા હતા. 'મેરી કહાની, મેરી જુબાની' હેઠળ પાસુંજ ગામના ૩ લાભાર્થીઓએ પોતાના અનુભવો લોકો સમક્ષ રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં



હાજર સમગ્ર ગામવાસીઓએ વિકસિત ભારત માટે સંકલ્પ લીધો હતો. સોઈલ હેલ્થ કાર્ડનું નિદર્શન યોજી પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો દ્વારા પોતાના પ્રાકૃતિક કૃષિને લગતા અનુભવો ઉપર ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ૩૧૨ લોકોના આયુષ્માન કાર્ડ બનાવી તેમને વિતરણ કરવામાં આવ્યું હતું. પાસુંજ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડ્રોન નિદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. 'ધરતી કહે પુકાર કે' નુક્કડ નાટક દ્વારા પાસુંજ ગામના લોકોને પ્રાકૃતિક ખેતીની સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંત ભાગમાં ગામના સૌ કોઈએ વિકસિત ભારતનો સંકલ્પ લીધો હતો.

## વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વાંસદા તાલુકાના લાછકડી ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો



। સુરત, તા.૨૨ ।

વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં નવસારીના વાંસદા તાલુકાના લાછકડી ગામે પહોંચેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દરમિયાન ગ્રામજનોએ વડાપ્રધાનશ્રીનો પ્રેરક સંદેશ અને સરકારની પ્રજાલક્ષી યોજનાઓની માહિતી શોર્ટફિલ્મના માધ્યમથી નિહાળી હતી. આ પ્રસંગે ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણના સામુહિક શપથ લીધા હતા.

આ તકે વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાનું બીજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી રોપાયું છે. ત્યારે ઉપસ્થિત ગ્રામજનો પણ સરકારની પ્રજાલક્ષી યોજનાનો લાભ લઈને વિકસિત ભારતના નિર્માણમાં પોતાની ભૂમિકા અદા કરે તેવો શ્રી વિજયભાઈ પટેલએ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગ્રામજનોએ "ધરતી કહે પુકાર કે" થીમ અંતર્ગત પર્યાવરણના જતન અને રક્ષણ માટે પ્રાકૃતિક કૃષિને અપનાવવા પ્રેરિત કરતું નુકકડ નાટક નિહાળ્યું હતું. 'મેરી કહાની, મેરી જુબાની હેઠળ યોજનાના લાભાર્થીઓએ પોતાના અનુભવોને ગ્રામજનો સમક્ષ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં આયુષ તેમજ આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત વિનામૂલ્યે હેલ્થ ચેકઅપ કેમ્પનો ગ્રામજનોએ લાભ લીધો હતો. આ વેળાએ આંગણવાડી કાર્યકર બહેનોએ મિલેટ્સમાંથી તૈયાર કરાયેલા સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગી નિદર્શન થકી સગર્ભા-ધાત્રી માતા, કિશોરીઓ, બાળકો માટે માતૃશક્તિ,પૂર્ણાશક્તિ તેમજ બાળશકિતના લાભ વિશે અવગત કર્યા હતા.

## ઈસરોના અધ્યક્ષ ડો. એસ સોમનાથે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાથે શુભેચ્છા મુલાકાત કરી

। અમદાવાદ, તા.૨૨ ।

ઈસરોના ચેરમેન ડૉ. એસ સોમનાથે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ પ્રસંગે શ્રી આચાર્ય દેવવ્રતે પોતાની બેંગલોર ઈસરોની મુલાકાત દરમિયાનના સ્મરણો વાગોળ્યા હતા તેમજ ઈસરોના વૈજ્ઞાનિકોની તપસ્યા અને પરિશ્રમની પ્રશંસા કરી હતી.

રાજ્યપાલશ્રીએ ડૉ. એસ સોમનાથને જણાવ્યું હતું કે ચંદ્રયાનના સફળ મિશનથી ઈસરોએ ભારતને જે સન્માન અપાવ્યું છે; તેના માટે ભારત હંમેશા તેમનું ઋણી રહેશે. રાજ્યપાલશ્રીએ ઓછા ખર્ચે આટલું મોટું અભિયાન પાર પાડવા માટે ઈસરો તેમજ ડૉ. એસ સોમનાથને શુભેચ્છા પાઠવી હતી.



આ મુલાકાત દરમિયાન વરિષ્ઠ પરિયોજના વૈજ્ઞાનિક શ્રી રાજન પિલ્લઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીએ બંને મહાનુભાવોનું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું; જ્યારે ડૉ. એસ સોમનાથને રાજ્યપાલશ્રીને ચંદ્રયાનના લોંચિંગ માટે ઉપયોગમાં લેવાયેલા લોન્ચ વ્હિકલની પ્રતિકૃતિ ભેટ આપી હતી.

## મહુવા તાલુકામાં સતત એક મહિનો અને બે દિવસ ચાલેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રા સફળતાપૂર્વક સંપન્ન

। મહુવા, તા.૨૨ ।

દેશના પ્રત્યેક વ્યક્તિ સુધી સરકારના યોજનાકીય લાભો પહોંચાડીને તેમના વિકાસને આકાર આપવાની સાથે વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરવાના ઉદ્દેશ્યથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રથના માધ્યમથી છેવાડાના લાભાર્થીઓ સુધી સરકારની વિવિધ યોજનાની માહિતી પહોંચાડી તેના લાભ સાચા લાભાર્થીઓ સુધી પહોંચાડીને ગ્રામિણ વિસ્તારોને વિકાસની દિશામાં અગ્રેસર બનાવી વિકસિત ગામથી વિકસિત ભારતનું સપનું સાકાર થાય તે માટેનું સંનિષ્ઠ કાર્ય કરવામાં આવી રહયું છે. સુરત જિલ્લાના મહુવા તાલુકામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા તા:૧૫મી નવેમ્બરથી આરંભાયેલી યાત્રાનું તા:૧૬મી ડિસેમ્બરના રોજ બોરીચા ગામે ભવ્ય સમાપન થયું હતું. લગાતાર મહિના સુધી રોજ બે ગામોને આવરી લઈને રથ તાલુકાની ૬૨ ગ્રામ પંચાયતોમાં પરિભ્રમણ કરીને ભારત સરકાર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી-માર્ગદર્શનની સાથે સબંધિત યોજનાના સાચા લાભાર્થીઓને શોધીને તેને સરકારની યોજનાના લાભો સ્થળ ઉપર જ અપાયા હતા. જિલ્લા વિકાસ અધિકારી બી.કે.વસાવાના માર્ગદર્શન તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી પ્રકાશભાઈ માહલાના પ્રત્યક્ષ નેજા હેઠળ ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયા, તાલુકા પંચાયતના પ્રમુખ, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો, ગ્રામ પંચાયતના સરપંચો, સદસ્યો તથા વિવિધ વિભાગોના અધિકારી-કર્મચારીઓએ ખભે ખભા મિલાવીને આ મહા અભિયાનને સફળ બનાવ્યું હતું.

## નર્મદા જિલ્લાના આદિમ જૂથોના પરિવારો સાથેના પીએમ જનમન સંવાદ કાર્યક્રમના આયોજન સંદર્ભે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

। નર્મદા, તા.૨૨ ।

એસ્પિરેશનલ નર્મદા જિલ્લામાં વસવાટ કરતા આદિમ જૂથના અતિગરીબ પરિવારોને સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી કેન્દ્ર-રાજ્ય યોજનાથી સંપૂર્ણ લાભાન્વિત કરી સો ટકા સેચ્યુરેશનની દિશામાં નક્કર કાર્ય કરવા અને આગામી જાન્યુઆરી-૨૦૨૪ માસના સમયમાં યોજાનારા ઝરણાવાડી ખાતે સંભવિત પીએમ જનમન કાર્યક્રમની પ્રથમ પ્રાથમિક પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં જિલ્લા સેવાસદન ખાતે એક બેઠક યોજાઈ હતી. દેશના અને રાજ્યના આદિમ જૂથના વિકાસ માટે "PMPVTG ડેવલપમેન્ટ મિશન" હેઠળ નાણાંકીય અંદાજપત્રમાં ભારત સરકારદ્વારા ખાસ જોગવાઈ કરવામાંઆવીછે.નર્મદાજિલ્લામાં કોટવાળિયા અને કાથોડી સમુદાયના લોકો વસવાટ કરે છે. આ આદિમજૂથના કુટુંબો, ફળિયા અને ગામોમાં માળખાકિય સુવિધા પુરી પાડવાનો હેતુ આ મિશન હેઠળ રહેલો છે. આ મિશન હેઠળ થઈ રહેલી વિવિધ કામગીરીની સમીક્ષા અને લાભાર્થી કુટુંબો સાથે આગામી તા.૧૫/૦૧/૨૦૨૪ ના સમયમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જિલ્લાના લાભાર્થીઓ સાથે સંવાદ કરનાર છે. સંભાવિત કાર્યક્રમ માટે સાગબારા - દેડિયાપાડા તાલુકાના ગામની પસંદગી કરવામાં આવી છે. આ બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાએ વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓ સાથે જરૂરી ચર્ચા કર્યા બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની વિવિધ યોજનાઓ જે છેવાડાના માનવી સુધી પહોંચાડવાની છે.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી બીમારી તમારી નાખુશીનું કારણ હોઈ શકે છે. પરિવારની ખુશી પુનઃસ્થાપિત કરવા તમારે આમાંથી બને એટલા ઝડપથી બહાર આવવાની જરૂર છે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારા પરિવારના સભ્યો કહે ચે એ દરેક બાબત સાતે તમે કદાચ સહમત નહીં થાવ-પણ તમારે તમના અનુભવોમાંથી શીખવાનો પ્રયાસ કરવો જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તાણ નાનકડી બીમારીમાં પરિણમી શકે છે. આરામદાયક મહેસૂસ કરવા માટે મિત્રો તથા પરિવારના સભ્યો વચ્ચે બેસો. બૅંકને લગતા કાર્યો ખૂબ જ તકેદારી પૂર્વક પાર પાડવાની જરૂર પડશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. સાવધાન રહો કેમ કે કોઈક તમારી છબીને બટ્ટો લગાડવાની કોશિષ કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. તમારા માતા પિતા આજે તમારી ફિઝૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે.

### એનિમલ ફિલ્મના દિગ્દર્શકનો ટીકાકારોને જવાબ

# કોઈને હિંદુ ધર્મ અપનાવતા જોયા છે : સંદીપ રેડ્ડી વાંગા

## એનિમલના દિગ્દર્શક વાંગા હવે ડાબેરી-ઉદારવાદીઓ અને ઇસ્લામવાદી તત્વોને ચૂપ કરવામાં સફળ થયા

। મુંબઈ, તા.૨૨ ।

નકારાત્મક સમીક્ષાઓ અને કેટલાક 'અભણ' અને 'અશિક્ષિત' વિવેચકો દ્વારા 'ઝેરી પુરુષત્વ' ફેલાવવાના આરોપોનો સખત જવાબ આપ્યા પછી, તાજેતરમાં જ હિટ ફિલ્મ 'એનિમલ'ના દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગા હવે ડાબેરી-ઉદારવાદીઓ અને ઈસ્લામવાદીઓને ચૂપ કરવામાં સફળ થયા છે. આ એ તત્વો છે જે તેમની ફિલ્મની આસપાસ મુસ્લિમ વિરોધી કથા રચવાનો પ્રયાસ કરી રહી છે. એ નોંધવું રસપ્રદ છે કે ઘણા કહેવાતા ઉદારવાદીઓ, સ્યુડો-સેક્યુલરો અને



ઈસ્લામવાદીઓએ બોબી દેઓલના પાત્રના ધર્મને મુસ્લિમ તરીકે દર્શાવવા બદલ ફિલ્મ નિર્માતા પર નારાજગી વ્યક્ત કરી છે. જ્યારે કોઈ હિંદુને કોઈપણ ફિલ્મમાંવિરોધી તરીકે દર્શાવવામાં આવે છે ત્યારે આ લોકોએ ક્યારેય આંખ ઉઘડતી નથી. વાસ્તવમાં, તેઓ તેને 'કાવ્યાત્મક લાયસન્સ' તરીકે ફગાવી દેશે અને હિંદુઓને અપરાધની યાત્રા પર મોકલશે જો તેઓ વિરોધ કરવાની હિંમત કરે તો તેઓ જેને કોઈપણ કલાકાર અથવા લેખકની 'સ્વતંત્રતા' માને છે. આ વિકૃત કથાને નકારી કાઢતા, વાંગાએ ગલાટ્ટા પ્લસ સાથેની એક મુલાકાતમાં જણાવ્યું હતું કે લોકો ઘણીવાર આંચકો અનુભવ્યા પ છી રૂપાંતરણમાંથી પસાર થાય છે, અને અબ્રારે તે જ કર્યું. વાંગાએ જણાવ્યું હતું કે અંધશ્રદ્ધા અને ધર્મ તરફ આકર્ષિત થવાની સંવેદનશીલ લોકોની વૃત્તિ અંગત રીતે સાક્ષી છે.

## દેશમાં કોરોનાએ જોર પકડ્યું, ૨૪ કલાકમાં ૬૪૦ નવા કેસ

। નવી દિલ્હી, તા.૨૨ ।

દેશમાં ફરી એકવાર કોરોનાના કેસ વધી રહ્યા છે. તે જ સમયે, કેરળ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પણ કોરોનાના કેસ નોંધાયા છે. જે બાદ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને એલર્ટ રહેવાનું સૂચન કર્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) ના ભૂતપૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક ડૉ. સૌમ્યા સ્વામીનાથને લોકોને ખાતરી આપી છે કે અત્યારે ગભરાવાની જરૂર નથી.

કોવિડ ૧૯ નવા પ્રકાર જેએન૧ લાઈવ અપડેટ્સ: દેશમાં ફરી એકવાર કોરોનાના કેસ ધીમે ધીમે વધી રહ્યા છે. દેશમાં કોરોનાના નવા પ્રકાર સ્ટ્રેન જેએન.૧ની શોધ બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારો સતર્ક થઈ ગઈ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કેરળમાં ૨૦ ડિસેમ્બરે કોવિડ-૧૯ ના ૩૦૦ નવા સક્રિય કેસ અને ત્રણ મૃત્યુ નોંધાયા છે.

### અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ચૂંટણી નહી લડી શકે

# ટ્રમ્પ ન લડી શકે તો પરિવારમાંથી કોઈપણ ચૂંટણી લડી શકે છે

## અમેરિકાના ઇતિહાસમાં પ્રથમ વખત સંવિધાનના ૧૪માં સંશોધનની કલમ ૩ નો ઉપયોગ કરીને ચુકાદો અપાયો

। વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિને કોલોરાડોની કોર્ટે મોટો ઝાટકો આપ્યો છે. ૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ કેપિટલ હિલ ઉપર થયેલા તોફાનમાં ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોની ભૂમિકાને જોતા કોર્ટે વર્ષ ૨૦૨૪માં યોજાનાર રાષ્ટ્રપતિ ચૂંટણી માટે પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પને અયોગ્ય જાહેર કરી દીધા છે. એટલે કે ડોનાલ્ડ ટ્રમ્પ હવે ૨૦૨૪માં યોજાનાર રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લઈ શકશે નહીં.

અમેરિકાના સંવિધાન હેઠળ કોર્ટે આ ફેંસલો કર્યો છે. રિપોર્ટ અનુસાર અમેરિકાના ઈતિહાસમાં પ્રથમ વખત



સંવિધાનના ૧૪માં સંશોધનની કલમ ૩ નો ઉપયોગ કરીને ઉમેદવારને રાષ્ટ્રપતિ પદ માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યા છે. જોકે તેમણે કોર્ટના આ નિર્ણયમાં રાષ્ટ્રપતિ બાયડનનો હાથ હોય તેમ જણાવ્યું છે. તેમણે કહ્યું હતું કે તે આ ફેંસલાને બદલવા માટે અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં જશે. સુપ્રીમ કોર્ટમાં જવા માટે તેમની પાસે ચાર જાન્યુઆરી સુધીનો સમય છે આ સંજોગોમાં સવાલ ઉઠે છે કે હવે ડોનાલ્ડ ટ્રમ્પનું શું થશે અને જો ડોનાલ્ડ ટ્રમ્પ આ ચુંટણીથી બહાર થઈ જાય તો બાયડનની જીત કેટલી સરળ થઈ શકે છે.

બીજી તરફ ટ્રમ્પ પરિવારમાંથી પણ કોઈ રાષ્ટ્રપતિ પદ માટે ચુંટણી લડી શકે છે. પ્રથમ પત્નીનું નામ ઈવાના જેલ્વિકોવા, બીજીનું નામ માર્લા મેપલ્સ અને ત્રીજીનું નામ મેલાનિયા ટ્રમ્પ છે.ટ્રમ્પની પ્રથમ પત્ની ઈવાના જેલ્વિકોવા ઓલિમ્પિક રમતવીર હતી.

## પદ્મશ્રી પુરસ્કાર પરત કરશે ઓલિમ્પિક મેડલ વિજેતા બજરંગ પુનિયા

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતીય કુસ્તીબાજ અને ઓલિમ્પિક મેડલ વિજેતા બજરંગ પુનિયાએ પીએમ મોદીને એક લાંબો પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે તેમની માંગણીઓ ન સાંભળવાને કારણે પદ્મશ્રી પરત કરવાની વાત પણ કરી છે. હકીકતમાં, આ વર્ષની શરૂઆતથી, ભારતીય કુસ્તીબાજોનો એક વર્ગ ભારતીય કુસ્તી મહાસંઘમાં બ્રિજ ભૂષણ શરણ સિંહની ચાલી રહેલી મનસ્વીતા અને તાનાશાહીનો વિરોધ કરી રહ્યો છે. બ્રિજ ભૂષણ પર મહિલા રેસલર્સનું જાતિય શોષણ કરવાનો પણ આરોપ છે. બ્રિજ ભૂષણ શરણ સિંહ ભાજપના સાંસદ છે અને લાંબા સમયથી ભારતીય કુસ્તી મહાસંઘના પ્રમુખ છે. તાજેતરમાં કુસ્તીબાજોના લાંબા આંદોલન બાદ તેમને પ્રમુખ પદ છોડવું પડ્યું હતું. જો કે, જે નવા પ્રમુખની નિમણૂક કરવામાં આવી છે તે પણ બ્રિજ ભૂષણના જૂથનો જ છે. આવી સ્થિતિમાં, છેલ્લા ૧૧ મહિનાથી ચાલી રહેલ કુસ્તીબાજોનો સંઘર્ષ નિરર્થક રહ્યો. આ જ કારણ છે કે બજરંગ પુનિયાએ પોતાનો મેડલ પરત કરવાની જાહેરાત કરી છે. બજરંગ પુનિયાએ પોતાના પત્રમાં કહ્યું છે કે, "... જે દીકરીઓ બેટી બચાવો બેટી પઢાવોની બ્રાન્ડ એમ્બેસેડર બનવાની હતી, તેઓને એવી સ્થિતિમાં મુકવામાં આવી હતી કે તેમને તેમની રમતમાંથી પાછળ હટી જવું પડ્યું હતું. અમે કુસ્તીબાજોનું 'સન્માન' કરી શક્યા નહીં. મહિલા કુસ્તીબાજોનું અપમાન કર્યા પછી હું મારું જીવન 'સન્માનિત' બનીને જીવી શકીશ નહીં.

### ગાઝા પર ભીષણ બોમ્બમારા વચ્ચે ટેન્શન વધારતાં અહેવાલ

## ગાઝાનો બદલો લેવા હૈથીના લડાકૂઓની ગમે તે હદ વટાવવાની જાહેરાત કરી

। ગાઝા, તા.૨૨ ।

ગાઝા પર ભીષણ બોમ્બમારા વચ્ચે ટેન્શન વધારતાં અહેવાલ સામે આવ્યા છે. ઈરાન સમર્થિત સંગઠન હૈથીઓએ એલાન કર્યું છે કે તેના લડાકૂઓ ગાઝાનો બદલો લેવા માટે ગમે તે હદ વટાવી શકે છે. એટલા માટે તે હમાસની મદદ કરવા ગાઝા પહોંચી રહ્યા છે. જો એવું થશે તો હમાસ-હિઝબુલ્લાહના હુમલા સહન કરી રહેલા ઈઝરાયલની મુશ્કેલી વધી જશે. ઉલ્લેખનીય છે કે રાતા સમુદ્રમાં હૈથી લડાકૂઓ પહેલાથી જ અનેક માલવાહક જહાજોને નિશાન બનાવીને ઈઝરાયલને મોટું નુકસાન પહોંચાડી રહ્યા છે. જેના લીધે અમેરિકાને પણ ભારે નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ સૌની પાછળ ઈરાનનું હાથ મનાય છે. ઈરાન મધ્યપૂર્વના દેશોમાંથી અમેરિકાના દબાદબાનો અંત લાવી દેવા માગે છે. આ દરમિયાન અમેરિકાને નુકસાન પહોંચાડવા અને તેના દબાદબાને ખતમ કરવા રશિયા તથા ચીન ઈરાનના સમર્થનમાં છે. તેમના જ હથિયારોની મદદથી હૌથીઓ આક્રમક હુમલા કરી રહ્યા છે. એટલે કે ગાઝામાં શરૂ થયેલું યુદ્ધ હવે રાતા સમુદ્રમાં ભીષણ સંઘર્ષની સ્થિતિ સર્જી શકે છે જેની લપેટમાં આવતા સમગ્ર અરબ દેશોને નુકસાન થશે. વિશ્વનો ૧૦ ટકા વેપાર રાતા સમુદ્રના રુટ પર થાય છે. ઓઈલની અવર-જવર કરવા માટે આ સૌથી મોટો માર્ગ છે. ૫૦ ટકા ટેક્નર જહાજો આ માર્ગ પરથી પસાર થાય છે. ગ્લોબલ ડિમાંડનું ૧૦ ટકા ઓઈલ લઈને આ જહાજો રાતા સમુદ્રમાંથી જ પસાર થાય છે.

### ઉત્તર પ્રદેશ એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડની મોટી કાર્યવાહી

# ટેરર ફંડિંગ કેસમાં દિલ્હીમાંથી મોહમ્મદ અબ્દુલની ધરપકડ

## નિઝામુદ્દીન રેલવે સ્ટેશન પરથી એટીએસે તેની ધરપકડ કરી, તેની ઓળખ મોહમ્મદ અબ્દુલ અવલ તરીકે થઈ

। નવી દિલ્હી, તા.૨૨ ।

ઉત્તર પ્રદેશ એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (યુપી એટીએ) મંગળવારે (૨૦ ડિસેમ્બર, ૨૦૨૩) ના રોજ ટેરર ફંડિંગ કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં સફળ રહી હતી. નવી દિલ્હીના નિઝામુદ્દીન રેલવે સ્ટેશન પરથી એટીએસે તેની ધરપકડ કરી હતી. તેની ઓળખ ૩૭ વર્ષીય મોહમ્મદ અબ્દુલ અવલ તરીકે થઈ છે. અવલ, ગેરકાયદેસર ઘૂસણખોરી અને માનવ તસ્કરી સિન્ડિકેટનો સભ્ય, લખનૌના નદવાતુલ ઉલામાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી હતો. જોકે, તે મૂળ આસામના ગોલપારાનો છે. ૨૦૧૮થી તેણે દિલ્હીને પોતાનું ઘર બનાવી લીધું હતું. એટીએસના જણાવ્યા અનુસાર, મોહમ્મદ અબ્દુલ છેલ્લા પાંચ વર્ષથી દિલ્હીના જામિયા નગર ઓખલા, શ્રમ વિહારમાં રહે છે. મદ્રેસામાંથી ૧૨મું ધોરણ પૂરું કર્યા બાદ અબ્દુલ એક ભાડાની દુકાનમાં બેંક ખાતા ખોલવા અને ગેરકાયદેસર રીતે પૈસા ટ્રાન્સફર કરવાનું કામ કરતો હતો. આ માટે તેણે ફિનો બેંકનું મર્ચન્ટ આઈડી લીધું હતું.

૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ યુપી એટીએસઅધિકારી દ્વારા આપ વામાં આવેલા નિવેદન અનુસાર, યુપી એટીએસ એનસીઆરઅને દિલ્હીમાં નોંધાયેલા ૫૦૦ થી વધુ 'શંકાસ્પદ' બેંક ખાતાઓની તપાસ કરી રહી છે. દિલ્હીની એનજીઓના પૈસા આ ખાતાઓમાં પહોંચે છે. આ એનજીઓસામાજિક કલ્યાણના કાર્યો માટે દાન તરીકે ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ (એફસીઆરએ) હેઠળ વિદેશી ભંડોળ મેળવે છે. યુપી એટીએસને તાજેતરમાં ઈનપુટ મળ્યા હતા કે કેટલાક લોકોએ સિન્ડિકેટ તૈયાર કર્યું છે. આ દ્વારા તેઓ ગેરકાયદેસર ઘૂસણખોરોની ઓળખ છુપાવતા હતા અને નકલી દસ્તાવેજોના આધારે તેમને ભારતમાં સ્થાયી કરતા હતા.

## UKમાં ગુમ થયેલા ભારતીય વિદ્યાર્થીનો મૃતદેહ તળાવમાંથી મળ્યો

। નવી દિલ્હી, તા.૨૨ ।

યુકેમાં તાજેતરમાં ગુમ થયેલા ભારતીય શીખ વિદ્યાર્થીનો મૃતદેહ લંડનના એક તળાવમાંથી મળી આવ્યો છે. આ સ્ટુડન્ટને શોધવા માટે વિદેશમંત્રી એસ. જયશંકરની પણ મદદ માગવામાં આવી હતી. પરંતુ આ બાબતમાં આગળ કંઈ થાય તે અગાઉ જ તેનો મૃતદેહ મળી આવ્યો છે. ગુરશમન સિંહ ભાટિયા નામનો ૨૩ વર્ષનો વિદ્યાર્થી દ્ભમાં માસ્ટર્સ ડિગ્રી માટે આવ્યો હતો. ૧૪ ડિસેમ્બરે રાતે તે મિત્રો સાથે ફરવા ગયો ત્યાર પછી ગુમ થયો હોવાથી ભારતમાં તેના પરિવારજનો પણ ચિંતિત હતા. હવે લંડનની મેટ્રોપોલિટન પોલીસે જણાવ્યું છે કે આ કેસ ઉકેલવા માટે તે ઝઝ્ફ ચેક કરી રહી છે. આ સ્ટુડન્ટ લંડનની લોફબોરો યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો. ૧૪મી ડિસેમ્બરે તે ગુમ થયો ત્યારે ભાજપના દિલ્હી સ્થિત નેતા મનજિંદર સિંહ સિરસાએ ટ્વિટ કરીને લખ્યું હતું કે, "આ શીખ યુવાનને શોધવા માટે પ્રયત્નો ચાલે છે. છેલ્લે આ વિદ્યાર્થી પૂર્વ લંડનના કેનારી વ્હાર્ફમાં જોવામાં આવ્યો હતો." સૂત્રોએ કહ્યું કે તે બે વર્ષની રેસિડન્ટ પરમિટ પર અહીં આવ્યો હતો. બીજી જૂન ૨૦૨૪ના રોજ તેની ટર્મ પૂરી થવાની હતી. આ દરમિયાન પોલીસે લંડનની આસપાસના વિસ્તારોમાં ભારતીય સ્ટુડન્ટની શોધખોળ શરૂ કરી હતી. પોલીસના ડાઈવર્સને પૂર્વ લંડનના કેનારી વ્હાર્ફ એરિયામાં જ તળાવમાંથી તેનું બોડી મળી આવ્યું છે. હવે પોલીસે લોકોને અપીલ કરી છે કે ગુરશમન સિંહ ભાટિયાની છેલ્લી મુવમેન્ટ વિશે કોઈ પાસે માહિતી હોય તો પોલીસને શેર કરવી. પોલીસે સીસીટીવી વીડિયો ચેક કરવા ઉપરાંત કેટલાક સાક્ષીઓ સાથે વાત કરી છે, ફોનનો ડેટા ચેક કર્યો છે

## દિપીકા પાદૂકોણના કો સ્ટાર વિન ડિઝલ સામે જાતીય સતામણીનો આરોપ

। નવી દિલ્હી, તા.૨૨ ।

ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ સ્ટાર વિન ડીઝલ મુશ્કેલીમાં મુકાઈ રહ્યો છે. તેમના પૂર્વ સહાયકે તેમના પર જાતીય સતામણી જેવા ગંભીર આરોપો લગાવ્યા છે. ગુરુવારે લોસ એન્જલસમાં દાખલ કરાયેલા મુકદ્દમા મુજબ, હોલીવુડ સ્ટાર વિન ડીઝલની સહાયક તરીકે કામ કરનાર એસ્ટા જોનાસને દાવો કર્યો છે કે જ્યારે તે ૨૦૧૦માં વિન ડીઝલ સાથે 'ફાસ્ટ ફાઈવ'ના શૂટિંગ માટે એટલાન્ટામાં હતી, ત્યારે તેણે ગઈ, હોલીવુડ સ્ટારે તેને જ્યોર્જિયાની એક હોટલના એક રૂમમાં બંધ કરી દીધી હતી અને તેની સામે ખૂબ જ શરમજનક કૃત્ય કર્યું હતું અને તેની જાતીય સતામણી કરી હતી. આસિસ્ટન્ટ એસ્ટા જોનાસને દાવો કર્યો હતો કે ૨૦૧૦માં 'ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ' ફિલ્મ સિરીઝના અભિનેતાએ તેને હોટલની દિવાલ સામે ઉભી કરી હતી અને તેની સામે હસ્તમૈથુન કર્યું હતું. રિપોર્ટર અનુસાર, વિન ડીઝલની વન રેસ ફિલ્મ્સ ફરિયાદમાં સામેલ છે, જેમાં કથિત રીતે એવો દાવો કરવામાં આવ્યો છે કે એસ્ટા જોનાસનને બળજબરીનાં કેસનો વિરોધ કરવા બદલ તેની નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી હતી, જેથી કરીને શોષણની બાબતને દબાવી શકાય. કાનૂની ફરિયાદ મુજબ, જોનાસન વિન ડીઝલની ફિલ્મ કંપનીમાં ઘણા વર્ષોથી કામ કરતો હતો, તેના સામાજિક કાર્યક્રમોમાં હાજરી આપવાથી લઈને તેના ફોટોગ્રાફ્સ અને ઈવેન્ટ્સ સુધીની તમામ બાબતોનું ધ્યાન રાખતો હતો. જોનાસનનું પ્રતિનિધિત્વ કરતી ફર્મ ગ્રીનબર્ગ ગ્રોસે આ વાત જણાવી. ધ હોલીવુડ રિપોર્ટર અનુસાર, વિન ડીઝલના વકીલ બ્રાયન ફ્રીડમેને 'ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ' અભિનેતાનો બચાવ કરતા અભિનેતાના સહાયક દ્વારા લગાવવામાં આવેલા તમામ આરોપોને નકારી કાઢ્યા છે. એમણે કિધુ, "તેમના ગ્રાહકો આ દાવાને જોરદાર રીતે નકારી કાઢે છે. આ કંપનીમાં માત્ર ૯ દિવસ કામ કરનાર કર્મચારી પાસેથી ૧૩ વર્ષ જૂના આ કથિત દાવા વિશે તેઓએ પહેલીવાર સાંભળ્યું છે. અમારી પાસે પૂરતા પુરાવા છે કે કોણ આવા વ્યર્થ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢે છે. " તમને જણાવી દઈએ કે વિન ડીઝલે બોલીવુડ અભિનેત્રી દીપિકા પાદુકોણ સાથે એક્સએક્સએક્સમાં પણ કામ કર્યું છે.

## વિશેષ | છોટાઉદેપુર જિલ્લામા ફાયર સ્ટેશન, મેડીકલ કોલેજ, ૩૫૦ બેડની સરકારી હોસ્પિટલ, આંબેડકર ભવન, બિરસામુંડા ભવન બનવાના છે

# ૧૦૧ નવી પંચાયત કચેરીઓ જીલ્લામાં મંજુર થયેલ છે : જીલ્લા વિકાસ અધિકારી

# ઘેલવાંટ જૂથ ગ્રામ સચિવાલયનું લોકાર્પણ કરતા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા





છોટાઉદેપુર તાલુકાની ઘેલવાંટ જૂથ ગ્રામ સચિવાલયનું ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ રાઠવાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૨-૨૩ના મનરેગા હેઠળ કૂલ ૧૬ લાખ ૨૮ હજારની મંજુર થયેલી ગ્રાન્ટમાંથી આ મકાનનું બાંધકામ કરવામાં આવ્યું હતું. ઘેલવાંટ જૂથ ગ્રામ સચિવાલયને અત્યંત આધુનિક સાધન સમગ્રીથી સજ્જ કરવામાં આવી છે. આ નિમિતે છોટાઉદેપુરના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસીહ રાઠવાએ જણાવ્યું હતું કે છોટાઉદેપુર જિલ્લામા ફાયર સ્ટેશન, મેડીકલ કોલેજ, ૩૫૦ બેડની સરકારી હોસ્પિટલ, આંબેડકર ભવન, બિરસામુંડા ભવન બનવાના છે. તમામ સરકારી કચેરીઓ માળખાકીય સુવિધાઓથી સજ્જ હોય જેથી સ્થાનિકોને સરળતાથી યોજનાકીય લાભ મળતા જીવન ધોરણ બદલાશે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગંગાસિંહે જણાવ્યું હતું કે છોટાઉદેપુર જિલ્લાની કુલ ૧૦૧ ગ્રામ પંચાયતોના નવા મકાન બનાવવાની મંજૂરી મળેલ છે.જેમાંથી ૨૫ જેટલી ગ્રામ પંચાયતનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે,ગ્રામ પંચાયત ભવનની સાથે તેની નજીકના વિસ્તારમાં ૩૪૫ નવી આંગણવાડી બનાવવા માટે પણ મંજૂરી મળેલ છે, આ જિલ્લામાં સુગમ પ્રોજેક્ટ શરૂ થઈ રહ્યો છે જેના અંતર્ગત ગ્રામ સભા પાસે તેમના ગામના અંતરિયાળ રસ્તાઓ બનાવવાની યોજના છે જે અંતર્ગત જિલ્લા પંચાયતને ૧૦૭ દરખાસ્તો મળી છે, જેનો સર્વે ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સમગ્ર પંચાયતના દરેક સભ્યો અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ લોકાર્પણ કાર્યક્રમમાં ટી.ડી.ઓ શ્રી દીપક ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ કલ્પનાબેન રાઠવા, પ્રો.શંકર રાઠવા, આદિજાતિ વિકાસ પરિષદના ડીરેક્ટર, એપીએમસી ચેરમેન મુક્કેશભાઈ પટેલ, સરપંચશ્રી રિક્કુબેન રાઠવા, તલાટીમંત્રી પુર્વેગભાઈ, જિલ્લા કારોબારી અધ્યક્ષ રૂપસિંહ રાઠવા અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દહેગામના કડજોદરા ગામે દીપડાનો આતંક જોવા મળ્યો

। ગાંધીનગર, તા.૨૨ ।

ગાંધીનગર જિલ્લાના દહેગામના કડજોદરા ગામે દીપડાનો આતંક જોવા મળ્યો છે. ગામમાં ૪થી ૫ લોકો પર દીપડાએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. હાલ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ફરી એકવાર દીપડો દેખાતા લોકોમાં દહેશતનો માહોલ ફેલાયો છે. આ દીપડાએ ચારથી પાંચ લોકો પર હુમલો કર્યો હોવાની પણ માહિતી છે. દીપડો દેખાયો હોવાની માહિતી મળતી વન વિભાગ પણ દોડતુ થઈ ગયુ છે. દીપડાને પાંજરે પુરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાના દહેગામના કડજોદરા ગામે દીપડાનો આતંક જોવા મળ્યો છે. ગામમાં ૪થી ૫ લોકો પર દીપડાએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. હાલ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ દીપડાને પકડવાની કવાયત શરુ કરી દેવામાં આવી છે. જો કે હજુ સુધી દીપડો પકડાયો નથી. ગાંધીનગરમાં અગાઉ સચિવાલય અને તે પહેલા ઈન્દ્રોડા પાર્કમાં દીપડો દેખાયો હોવાની ઘટના બનેલી છે. જો કે અત્યાર સુધી દીપડાએ કોઈને ઈજા પહોંચાડી હોય તેવી ઘટના બની નથી.પહેલી વાર ગાંધીનગરના દહેગામમાં દીપડાના હુમલાની ઘટના બની છે. કડજોદરા ગામમાં દીપડાએ લોકો પર હુમલો કર્યો છે. વન વિભાગને જાણ થતા જ ટીમ ત્યાં પહોંચી ગઈ હતી. ગામની આસપાસ પાંજરા પણ ગોઠવવામાં આવ્યા છે.રખિયાલ પોલીસ પણ ત્યાં દોડી આવી હતી. દીપડાને પકડવા વન વિભાગની ટીમ સતર્ક બની છે.




અમદાવાદ શહેરના મેટ્રો કોર્ટમાં બાર કાઉન્સીલનું ઈલેકશન યોજાયું હતું.

### સતત મંદીને લીધે પરિવારનું ગુજરાત ચલાવવું બન્યું મુશ્કેલ

## હીરા ઉદ્યોગની મંદીના કારણે એક રત્ન કલાકાર ચોર બન્યો

। સુરત, તા.૨૨ ।

સુરત શહેરમાં હીરા ઉદ્યોગની મંદીના કારણે એક રત્ન કલાકાર ચોર બન્યો હોવાની ઘટના સામે આવી છે. હીરા ઉદ્યોગમાં સતત મંદીના માહોલ વચ્ચે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું હતું. જેથી પરિવારનું ગુજરાન ચલાવવા યુવાને અન્યો પાસેથી ઉછીના રૂપિયા લીધા હતા. આ રૂપિયાની ભરપાઈ ન થઈ શકતા આખરે એક યુવાને ઉતરાણ વિસ્તારમાં આવાસની અંદર રહેલા ફાયર સેફ્ટીના સામાનની ચોરી કરી હતી. ચોરી કરવા જતા ચોર સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા ઉતરાણ પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. સુરતના ઉતરાયણ વિસ્તારમાં સુમન આવાસની અંદર રહેલા ફાયર સેફ્ટીના સમાનની એક વ્યક્તિએ ચોરી કરી હતી. ઘટનાને પગલે પોલીસને જાણ કરાતા પોલીસે ગુનો નોંધી સ્થળ પર જઈ તપાસ કરતા આવાસમાં રહેલ પિત્તળની ૬૨ ફાયર ગન તેમજ પીતળના ૮૧ જેટલા વાલની ચોરી થઈ હતી. જેની કિંમત અંદાજિત ૧.૩૯ લાખ થાય છે. આ સમગ્ર મામલે પોલીસે તપાસ દરમ્યાન સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા. જેમાં એક યુવાન બપોરના સમયે આવીને એક બાદ એક એમ તમામ વસ્તુ લઈ જાય છે અને ફાયર સેફ્ટીના સામાનની ચોરી કરતો દેખાયો હતો. જેથી પોલીસે આ આરોપીને શોધવા માટે તજવીજ હાથ ધરી હતી. જેમાં પોલીસે ઉતરાણ વિસ્તારમાંથી આરોપી નિતીન રાદડિયાની ધરપકડ કરી લીધી હતી અને તેની પાસે રહેલો તમામ ફાયર સેફ્ટીનો ચોરીનો સામાન કબજે કર્યો હતો. આરોપી નિતીન રાદડિયાની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તે છેલ્લા ચાર વર્ષથી રત્નકલાકાર તરીકે કામ કરતો હતો. પરંતુ સતત હીરા ઉદ્યોગમાં આવેલી મંદીના કારણે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું હતું. જેથી તેણે છ મહિના પહેલા હીરાનું કામ છોડી દીધું હતું ત્યાર બાદ તેણે ટેક્સટાઈલ માર્કેટમાંથી આવતી સાડીઓમાં સ્ટોન લગાવવાનું પણ કામ શરૂ કર્યું હતું.

### શૈક્ષણિક ક્ષેત્રે મહત્વનો નિર્ણય લેવાયો

## ધો.૬થી ૮ના અભ્યાસક્રમમાં ગીતાને સમાવવાનો નિર્ણય લેવામાં આવ્યો

। ગાંધીનગર, તા.૨૨ ।

ગીતા જંયતીના અવસરે આજે શૈક્ષણિક ક્ષેત્રે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ સરકારી શાળામાં ભગવત ગીતાને હવે અભ્યાસક્રમમા સામેલ કરાશે અને તેની પરીક્ષા પણ લેવાશે. ગીતા જયંતીના અવસરે ભગવત ગીતાના મૂલ્યવાન ગ્રંથનું જ્ઞાન બાળકોને મળે માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હવે તમામ સરકારી શાળામાં ૬થી૮ ધોરણમાં ભગવત ગીતા ભણાવવામા આવશે. ધોરણ ૬થી ૮ના અભ્યાસક્રમમાં ગીતાને સમાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગીતા જંયતીના અવસરે આજે શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર અને પ્રફુલ પાનસેરિયાએ આ મુદે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે. શ્રીમદભાગવત ગીતાના સિદ્ધાંતો અને મૂલ્યોને બાળકોના જીવનમાં ઉતારવા માટે ભગવત ગીતાને અભ્યાસ ક્રમમાં સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી તમામ સરકારી




શાળાઓમાં ધોરણ ૬થી૮માં આ પુસ્તક અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે. જેની કાયદેસર પરીક્ષા પણ લેવાશે. ઉલ્લેખનિય છે કે, ભગવત ગીતા એક એવો ગ્રંથ છે, જે દરેક યુગમાં એટલો જ ઉપયોગી અને સાત્વત છે. જીવન મૂલ્યોના પાઠ ભણાવતા આ ગ્રંથને અભ્યાસ ક્રમમાં સામેલ કરીને બાળકોમાં જીવનના મૂલ્યો અને કર્મના સિધ્ધાતને દ્રઢ કરવોનો ઉદેશ છે. બાળકના સર્વાંગી વિકાસ માટે ગીતાનું આ પુસ્તક ૨૦૨૪ નવા શૈક્ષણિક સત્રથી શાળાઓમાં પૂરક પુસ્તક તરીકે મુકાશે. આજે ગીતા જયંતીના દિવસે જ શિક્ષણ વિભાગ દ્વારા આજે ગીતાના સંસ્કૃત શ્લોક, ગુજરાતી ભાષાંતર, સચિત્ર પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું છે.

### ખાદ્ય તેલોનાં આયાત પરનાં ઘટેલા દરોને ૨૦૨૫ સુધી લંબાવાશે

। નવી દિલ્હી, તા.૨૨ ।

દેશમાં ખાદ્ય તેલોની કિંમતોને વધવાથી અટકાવવા માટે કેન્દ્ર સરકારે તેના પર લાગૂ ઘટેલી ઈમ્પોર્ટ ટ્યૂડીને માર્ચ ૨૦૨૫ સુધી લંબાવી દીધી છે. નાણામંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું કે ઘટેલી ડ્યૂટી માર્ચ ૨૦૨૪માં સમાપ્ત થવાની હતી પણ હવે તેને માર્ચ ૨૦૨૫ સુધી જારી રાખવામાં આવશે







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨